


નવસર્જન સંસ્કૃતિ

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 10
Issue : 157
Dt.: 13-04-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### ભારતનો ચીનને જડબાતોડ જવાબ

# અરુણાચલ અમારું છે અને રહેશે, કાલ્પનિક નામો રાખવાથી કંઈ નહીં થાય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે ચીનના એ પ્રયાસોને કડક તમાચો માર્યો છે, જેમાં તેણે અરુણાચલ પ્રદેશના કેટલાક સ્થળોના નામ બદલવાનો પ્રયત્ન કર્યો છે. ભારતીય વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જાહેર કરી કહ્યું છે કે આ પ્રકારની હરકતો ભ્રામક અને નિરર્થક છે અને ભારત તેનો સંપૂર્ણપણે અસ્વીકાર કરે છે. મંત્રાલય મુજબ ચીન તરફથી લેવામાં આવેલું આ પગલું ખોટું અને પાયાવિહોણું છે. અરુણાચલ પ્રદેશ હંમેશાથી ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે અને રહેશે.

ભારતે સ્પષ્ટ કર્યુ છે કે ચીન દ્વારા કોઈપણ રીતે નામ બદલવા અથવા ખોટા દાવા કરવાથી જમીની હકીકત બદલાતી નથી. સરકારે એમ પણ કહ્યું કે ચીનના આ પ્રકારના પ્રયાસો ભ્રામક અને પાયાવિહોણા છે, જેને ભારત સંપૂર્ણપણે ફગાવી દે છે. આ દરમિયાન વિદેશ મંત્રાલયે પુનરોચ્ચાર કર્યો હતો કે તે પોતાની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર કોઈ બાંધછોડ કરશે નહીં. અરુણાચલ પ્રદેશ હંમેશાથી દેશનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો રહ્યો છે અને રહેશે.

જણાવી દઈએ કે વિદેશ મંત્રાલયનું આ નિવેદન ચીનના એ રિપોર્ટ બાદ આવ્યું છે જેમાં તેણે અરુણાચલ

## ખોટા દાવા કરવાથી જમીની હકીકત બદલાતી નથી

પ્રદેશના કેટલાક વિસ્તારોના નવા નામ જાહેર કરવાનો પ્રયાસ કર્યો હતો. આવી સ્થિતિમાં, ભારતે તેને ફરી એકવાર રાજકીય અને ઉશ્કેરણીજનક પગલું ગણાવ્યું છે અને આવા તમામ દાવાઓને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. ભારતે જણાવ્યું કે ચીન દ્વારા ખોટા દાવા કરવાથી કે પાયાવિહોણી વાતો ફેલાવવાથી વાસ્તવિકતા બદલાતી નથી. આવા કૃત્યો ભારત-ચીન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને સુધારવાના પ્રયાસોમાં અવરોધ ઊભો કરે છે.

### મહિલા અનામત મુદ્દે ભાજપ VS કોંગ્રેસ

## પીએમ મોદીના પત્ર પર ખડગેનો સવાલ- સરકાર ઉતાવળમાં કેમ?

**વડાપ્રધાને પોતાના પત્રમાં આગામી સપ્તાહે મહિલા અનામત બિલોને સર્વસંમતિથી પસાર કરાવવા માટે તેમનો ટેકો માંગ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહિલા અનામત બિલ પર કેન્દ્ર સરકાર અત્યંત સક્રિય થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દે સતત વિપક્ષી દળો પાસેથી સમર્થનની માંગ કરી રહ્યા છે. શનિવારે બંને ગૃહોમાં તમામ પક્ષોના ફ્લોર લીડર્સ(રાજકીય પક્ષનું પ્રતિનિધિત્વ કરનારા)નો સંપર્ક કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, PM મોદીએ રાજકીય પક્ષોને પત્ર લખીને આ બિલ પર સમર્થન માંગ્યું છે. વડાપ્રધાને પોતાના પત્રમાં આગામી સપ્તાહે મહિલા અનામત બિલોને સર્વસંમતિથી પસાર કરાવવા માટે તેમનો ટેકો માંગ્યો છે.

આ બિલોનો હેતુ ૨૦૨૯થી લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાનો છે. જો કે PM મોદીના પત્ર પર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે સરકાર રાજકીય ફાયદા માટે મહિલા અનામત કાયદાના અમલીકરણમાં ઉતાવળ કરી રહી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદીને કહ્યું કે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ છે. આ દરમિયાન સંસદનું વિશેષ સત્ર બોલાવવું એ ધારણાને બળ આપે છે કે સરકાર રાજકીય ફાયદા માટે મહિલા અનામત કાયદાને લાગુ કરવામાં ઉતાવળ કરી રહી છે. વડાપ્રધાન મોદીને લખેલા પત્રમાં ખડગેએ એ માંગ કરી કે સીમાંકન મુદ્દે ચર્ચા કરવા માટે ૨૯ એપ્રિલ પછી એક સર્વદળીય બેઠક બોલાવવામાં આવે. આ સીમાંકનને નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩માં સુધારાઓ સાથે જોડવામાં આવી રહ્યું છે.

ખડગેનો જવાબ વડાપ્રધાનના એ પત્રના જવાબમાં આવ્યો છે જેમાં તેમણે ૧૬ એપ્રિલથી નારી શક્તિ વંદન અધિનિયમ પર ચર્ચા માટે સંસદના વિશેષ સત્રનો ઉલ્લેખ કર્યો હતો. PM મોદીએ પોતાના પત્રમાં લખ્યું, ઘણા વિચાર-વિમર્શ પછી, અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે હવે સમગ્ર દેશમાં નારી શક્તિ વંદન અધિનિયમને તેની સાચી ભાવના સાથે લાગુ કરવાનો સમય આવી ગયો છે. એ અત્યંત જરૂરી છે કે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચૂંટણીઓ મહિલાઓ માટે અનામતની સાથે જ કરાવવામાં આવે.આ સાથે જ PM મોદીએ સંકેત આપ્યો કે તેમની સરકાર ૧૬ એપ્રિલથી શરૂ થઈ રહેલા સત્ર દરમિયાન આ બિલોને પાસ કરાવવાની સંપૂર્ણ કોશિશ કરશે. વડાપ્રધાને પોતાના પત્રમાં તમામ પક્ષોને સમર્થનની અપીલ કરતા લખ્યું કે તમારું સમર્થન, આપણા દેશની મહિલાઓ પ્રત્યેની એક મહત્વપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા જેવું હશે. જો કે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા ખડગેએ PM મોદી દ્વારા લખવામાં આવેલા પત્ર પર તીખી પ્રતિક્રિયા આપી છે.

### ઈરાને કહ્યું કે તે તેના લોકોના હિત માટે પ્રતિબદ્ધ છે

## ફાલતૂ માંગ કરી રહ્યું હતું અમેરિકા : ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત ૨૧ કલાક પછી અનિર્ણિત રીતે સમાપ્ત થઈ ગઈ છે.

યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વેન્સે કહ્યું કે વાતચીત વિશે સારા અને ખરાબ બંને સમાચાર છે. તેમણે કહ્યું કે, સારા સમાચાર એ છે કે બંને દેશોએ ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી.

ખરાબ સમાચાર એ છે કે તેઓ કોઈપણ કરાર વિના પાકિસ્તાન છોડી રહ્યા છે. તેમણે કહ્યું કે ઈરાનને અંતિમ અને શ્રેષ્ઠ ઓફર આપવામાં આવી છે, અને હવે તે સ્વીકારવી કે નહીં તે તેમના પર નિર્ભર છે. આ દરમિયાન, ઈરાને કહ્યું કે ગેરવાજબી માંગણીઓને કારણે વાતચીત નિષ્ફળ ગઈ.

ઈરાનના રાજ્ય પ્રસારણકર્તાએ ટેલિગ્રામ પર અહેવાલ આપ્યો કે રાષ્ટ્રીય હિતો અને ઈરાની લોકોના અધિકારોનું રક્ષણ કરવા માટે ઈસ્લામાબાદમાં અમેરિકા સાથે ૨૧ કલાક સુધી વાતચીત કરી. ઈરાની પ્રતિનિધિમંડળના સકારાત્મક વલણ છતાં, યુએસ પક્ષે ગેરવાજબી માંગણીઓ કરી. આના કારણે વાતચીતમાં મડાગાંઠ સર્જાઈ ગઈ અને વાતચીત કોઈ પરિણામ વિના સમાપ્ત થઈ. જે.ડી. વેન્સની પ્રેસ કોન્ફરન્સ પછી તરત જ આ નિવેદન બહાર પાડવામાં આવ્યું. યુએસ રાષ્ટ્રપતિએ ચોક્કસપણે દરવાજો ખુલ્લો રાખ્યો છે કે જો ઈરાન તેમના પ્રસ્તાવને સ્વીકારે છે, તો પણ સકારાત્મક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. યુએસ ઉપપ્રમુખે કહ્યું કે ખરાબ સમાચાર એ છે કે ઈરાને યુએસની શરતો સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. તે પરમાણુ શસ્ત્રો વિકસાવવાનું પણ બંધ કરવા માંગતો નથી. વેન્સે કહ્યું કે પરમાણુ શસ્ત્રો પર પ્રતિબંધ એ અમેરિકાનું પ્રાથમિક લક્ષ્ય છે, જેને ઈરાન સ્પષ્ટપણે સ્વીકારવાનો ઈનકાર કરી રહ્યું છે. વાતચીત દ્વારા, અમે ઈરાનને આ સમજાવવા માંગતા હતા, પરંતુ તે સમજવા માટે તૈયાર નથી. ખરાબ સમાચાર એ છે કે કોઈ ડીલ થઈ નથી. આ ફક્ત ઈરાન માટે જ નહીં પરંતુ અમેરિકા માટે પણ ખરાબ સમાચાર છે. વેન્સે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પણ લગભગ ૬ વખત વાત કરી. નોંધનીય છે કે ૪૭ વર્ષમાં આ પહેલી વાર હતું જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે આ સ્તરે વીતચીત થઈ રહી હતી. વેન્સની ટીમમાં ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર, જે તેમના મુખ્ય સલાહકાર પણ છે, શામેલ હતા. ઈરાનના પ્રતિનિધિઓમાં સંસદના અધ્યક્ષ મોહમ્મદ ગાલિબાફ અને વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચીનો સમાવેશ થતો હતો.

## EV વાહનો માટે સરકારની મોટી જાહેરાતઃ દિલ્હીમાં પેટ્રોલવાળી સ્કૂટી-બાઈકના વેચાણ પર પ્રતિબંધ

**પ્રદૂષણમાં વાહનોના ૨૩ ટકા ફાળાને ધ્યાનમાં રાખીને, સરકાર EV ખરીદનારાઓને સીધું નાણાકીય પ્રોત્સાહન આપશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી સરકારે તેની ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) નીતિ ૨૦૨૬-૩૦નો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે, જેનો મુખ્ય હેતુ પ્રદૂષણ ઘટાડવાનો અને ઈલેક્ટ્રિક મોબિલિટીને પ્રોત્સાહન આપવાનો છે. આ નીતિ હેઠળ, ૧ જાન્યુઆરી ૨૦૨૭થી માત્ર ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર અને ૧ એપ્રિલ ૨૦૨૮થી માત્ર ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરનું જ નવું રજિસ્ટ્રેશન કરવામાં આવશે. એટલે કે પેટ્રોલથી ચાલતા ટુ-વ્હીલરનું દિલ્હીમાં વેચાણ થઈ શકે નહીં.

પ્રદૂષણમાં વાહનોના ૨૩ ટકા ફાળાને ધ્યાનમાં રાખીને, સરકાર EV ખરીદનારાઓને સીધું નાણાકીય પ્રોત્સાહન આપશે. જેમાં ટુ-વ્હીલર પર રૂપિયા ૩૦,૦૦૦ અને ઈ-ઓટો પર રૂપિયા ૫૦,૦૦૦ સુધીની સબસિડી પ્રસ્તાવિત છે. જૂના BS-IV વાહનોને સ્ક્રેપ કરીને ઈફ ખરીદવા પર વધારાનું બોનસ અને રૂપિયા ૩૦ લાખ સુધીની કાર પર રોડ ટેક્સમાં ૧૦૦ ટકા મુક્તિ મળશે. આ સાથે જ ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર અને બેટરી રિસાયકલિંગ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

દિલ્હી સરકારની નવી ઈફ પોલિસીએ એગ્રીગેટર્સ અને સરકારી વિભાગો માટે કડક ધોરણો નક્કી કર્યા છે. આ નીતિ હેઠળ, ૧ જાન્યુઆરી ૨૦૨૬થી ઓલા, ઉબર અને ઝોમેટો જેવા એગ્રીગેટર્સ તેમના કાફલામાં કોઈ પણ નવા પેટ્રોલ કે ડીઝલ વાહનોનો સમાવેશ કરી શકશે નહીં. તેમને માત્ર ઈલેક્ટ્રિક વાહનો (EV) ઉમેરવાની જ મંજૂરી આપવામાં આવશે.

આ જ નિયમ સરકારી વિભાગોને પણ લાગુ પડશે જ્યાં ભવિષ્યની તમામ નવી ખરીદી માત્ર ઈફ સુધી સીમિત રહેશે. આ ઉપરાંત, સ્કૂલ બસો માટે પણ તબક્કાવાર લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે, જે હેઠળ ૨૦૩૦ સુધીમાં ૩૦ ટકા બસો ઈલેક્ટ્રિક કરવી અનિવાર્ય રહેશે. આ પગલું માત્ર 'ગ્રીન ટ્રાન્ઝિશન' માટે જવાબદાર બનાવતું નથી, પરંતુ ઈફ ઈકોસિસ્ટમમાં રોકાણ અને માળખાગત સુવિધાઓને ગતિ આપવા માટે મજબૂત આધાર પણ તૈયાર કરે છે.

સરકારે બે તબક્કાની પ્રતિબંધ યોજના બનાવી છે. ૧ જાન્યુઆરી ૨૦૨૭થી નવા પેટ્રોલ થ્રી-વ્હીલર્સ અને ૧ એપ્રિલ ૨૦૨૮ થી તમામ નવા પેટ્રોલ ટુ-વ્હીલર્સના રજિસ્ટ્રેશન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ છે. આ દિલ્હીના ૬૭ ટકા વાહન બજાર (ટુ-વ્હીલર્સ)ને સીધી અસર કરશે.

ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર પર રૂપિયા ૩૦,૦૦૦ અને ઈ-ઓટો પર રૂપિયા ૫૦,૦૦૦ સુધીની સીધી નાણાકીય સહાય (DBT) આપવામાં આવશે. જો કે આ પ્રોત્સાહન સમય જતાં ઘટતું જશે, જે ખરીદદારોને વહેલી તકે ઈફ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનું એક વ્યૂહાત્મક પગલું છે. પ્રદૂષણ ફેલાવતા જૂના BS-IV વાહનોને દૂર કરવા માટે સ્ક્રેપિંગ બોનસનો સહારો લેવામાં આવ્યો છે. રૂપિયા ૧૦,૦૦૦ થી લઈને રૂપિયા ૧ લાખ સુધીની સ્ક્રેપિંગ ઈન્સેન્ટિવ સ્કીમ જૂના વાહનોના માલિકોને ઈફ તરફ વાળવા માટે એક અસરકારક રીત સાબિત થઈ શકે છે.

## વર્લ્ડ બેંકના ચીફની ગંભીર ચેતવણીઃ સીઝફાયર તૂટ્યું તો વિનાશક પરિણામ ભોગવવા પડશે

**વર્લ્ડ બેંકના પ્રમુખ અજય બંગાએ કહ્યું, જો સીઝફાયર થાય તો પણ અનેક દેશોને તેની લાંબા ગાળે અસર થઈ શકે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન યુદ્ધના આર્થિક ઝટકા લગભગ દરેક દેશને નડી રહ્યાં છે. વિશ્વ બેંકના ચીફ અજય બંગાની ચેતવણીથી સમજી શકાય કે, બંદૂકોના શાંત થયા બાદ પણ લાંબાગાળાનું નુકસાન થઈ રહ્યું છે. આ યુદ્ધ સંઘર્ષની વૈશ્વિક અસરનાં આકલન કરતા વિશ્વ બેંકના પ્રમુખે કહ્યું કે, જો તાત્કાલિક અને સ્થાયી યુદ્ધવિરામ પણ થઈ જાય, તો પણ અલગ અલગ અર્થવ્યવસ્થાઓમાં આવનારી અને સતત મંદીને રોકી શકાતું નથી. વર્લ્ડ બેંકના ચીફના જણાવ્યા અનુસાર, જો સીઝફાયર કાયમ રહે છે, તો ગ્લોબલ ગ્રોથ ૦.૩ થી ૦.૪ ટકા ઘટી શકે છે. જો સીઝફાયર તૂટી જાય છે તો નુકસાન વધુ થઈ શકે છે. એટલે કે ૧ ટકા સુધી તેની અસર દુનિયાભરના વેપાર, ઉર્જા બજાર અને ફાઈનાન્શિયલ એક્ટિવિટી પર થશે.

વર્લ્ડ બેંકના પ્રમુખ અજય બંગાએ મોટી ચેતવણી આપી છે. તેઓએ કહ્યું કે, ઈરાન યુદ્ધની આર્થિક આડઅસર હવે દેખાવા લાગી છે. જો પૂર્ણત સીઝફાયર પણ થઈ જાય છે તો અલગ અલગ અર્થવ્યવસ્થાઓમાં આવનારી મંદીને કોઈ નહિ રોકી શકે. સીઝફાયરના તૂટવાના ગંભીર પરિણામો આવશે. બંગાએ સંકેત આપ્યા કે, સીઝફાયરની સ્થિતિમાં ગ્લોબલ મોંઘવારી ૦.૨ ટકાથી ૦.૩ ટકા વધી શકે છે. સંઘર્ષ જો લાંબો સમય ચાલ્યો તો તેના હજી પણ વધુ એટલે કે ૦.૯ ટકા સુધી અસર થવાની આશંકા છે. વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ માટે સ્થિતિ વધુ ગંભીર દેખાઈ રહી છે. સૌથી ખરાબ સ્થિતિમાં મોંઘવારી ૬.૭ ટકા પહોંચી શકે છે.

વિશ્વ બેંકે પહેલા જ સંકટ સામે ઝઝૂમી રહેલા દેશો સાથે વાતચીત કરવાની શરૂઆત કરી દીધી છે.

## હોર્મુઝમાં અમેરિકન નેવીની નાકાબંધી હશે, ઈરાનને ટોલ ચૂકવનારને સુરક્ષા નહીં મળેઃ ટ્રમ્પની ચોંકાવનારી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

પાકિસ્તાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી હાઈ-લેવલ બેઠક અંતે નિષ્ફળ રહી હતી. બંને દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધવિરામને કાયમી શાંતિમાં બદલવાનો ઉદ્દેશ્યો હતો, પરંતુ જમીની હકીકત અને વ્યૂહનીતિક અડચણોએ આ પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો છે. ત્યારે હવે વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર ફરી એકવાર ગંભીર સંકટના વાદળો છવાયા છે. કારણ કે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝને લઈને મોટું નિવેદન આપ્યું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈરાન સાથેની ૨૦ કલાક લાંબી મેરેથોન બેઠક બાદ પણ પરમાણુ હથિયારો મુદ્દે કોઈ સહમતી સધાઈ નથી. ઈરાનની જિદને જોતા ટ્રમ્પે તાત્કાલિક અસરથી અમેરિકી નેવીને ઈરાની સમુદ્રી સીમામાં નાકાબંધી કરવાના આદેશ આપ્યા છે. આ આદેશ બાદ ગમે ત્યારે ખાડી દેશોમાં તણાવ ચરમસીમાએ પહોંચવાની અને મોટા સૈન્ય સંઘર્ષની શક્યતા જોવાઈ રહી છે. આ સિવાય ટ્રમ્પે એ પણ ચેતવણી આપી છે કે, અમેરિકા તાત્કાલિક અસરથી હોર્મુઝમાં પ્રવેશતા અથવા બહાર નિકળવાનો પ્રયાસ કરનારા જહાજોની નાકાબંધી શરૂ કરી દશે. આ સાથે તેમણે કહ્યું કે, જો તેમના રસ્તામાં કોઈ આવશે તો તેને ઉડાવી દેવામાં આવશે. કોઈ પણ દેશ જે ઈરાનને ગેરકાયદેસર રીતે ટોલ (ટેક્સ) ચૂકવશે, તેને સમુદ્રમાં સુરક્ષિત રસ્તો મળશે નહીં.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે, ઈરાને હોર્મુઝ ખોલવાનું વચન આપ્યું હતું, પરંતુ તેઓ જાણી જોઈને તેમ કરવામાં નિષ્ફળ રહ્યા છે. આના કારણે વિશ્વના ઘણા દેશો અને લોકોમાં ચિંતા અને પીડા ફેલાઈ છે. તેઓ કહે છે કે તેમણે પાણીમાં સુરંગો બિછાવી છે, જોકે તેમની નૌસેના અને મોટાભાગના માઈન ડ્રોપર્સ સંપૂર્ણપણે નાશ પામ્યા છે. કદાચ તેમણે આવું કર્યું પણ હોય, પરંતુ કયો જહાજ માલિક આવું જોખમ ખેડવા માંગશે? આનાથી ઈરાન અને તેના બાકી બચેલા નેતાઓની પ્રતિષ્ઠાને કાયમી નુકસાન થયું છે. પરંતુ અમે હવે એ બધી વાતોથી ઉપર ઉઠી ગયા છીએ. તેમના વચન મુજબ, તેમણે આ આંતરરાષ્ટ્રીય જળમાર્ગને ઝડપથી ખોલવાની પ્રક્રિયા શરૂ કરવી જ પડશે! તેઓ કાયદાના દરેક પુસ્તકનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

મને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, સ્પેશિયલ એન્વોય સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર દ્વારા ઈસ્લામાબાદમાં યોજાયેલી બેઠક વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. આ બેઠક પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને વડાપ્રધાન શહેબાઝ શરીફના સક્ષમ નેતૃત્વ હેઠળ યોજાઈ હતી. તેઓ અસાધારણ માણસો છે અને ભારત સાથેના ભયાનક યુદ્ધમાં ૩ થી ૫ કરોડ લોકોના જીવ બચાવવા બદલ તેઓ સતત મારો આભાર માને છે. માનવતાની આ વાતો સાંભળવી મને હંમેશા ગમે છે.

ઈરાન સાથેની બેઠક વહેલી સવારથી શરૂ થઈ અને આખી રાત એટલે કે લગભગ ૨૦ કલાક સુધી ચાલી. હું તેની વિગતવાર ચર્ચા કરી શકું છું, પરંતુ અહીં માત્ર એક જ વાત મહત્ત્વની છે - ઈરાન તેની પરમાણુ મહત્વાકાંક્ષા છોડવા તૈયાર નથી! ઘણી રીતે, જે મુદ્દાઓ પર સહમતી સધાઈ છે તે અમારા સૈન્ય અભિયાનને ચાલુ રાખવા કરતા વધુ સારા છે, પરંતુ આવા અસ્થિર અને અણધારી લોકોના હાથમાં પરમાણુ શક્તિ આવવા દેવાની સરખામણીમાં તે મુદ્દાઓ કોઈ અર્થ રાખતા નથી. મારા પ્રતિનિધિઓ ઈરાનના પ્રતિનિધિઓ મોહમ્મદ-બાઘેર ઘાલીબાફ, અબ્બાસ અરાઘચી અને અલી બાઘેરી સાથે મૈત્રીપૂર્ણ રહ્યા, પરંતુ તે મહત્ત્વનું નથી કારણ કે તેઓ મુખ્ય મુદ્દા પર મક્કમ રહ્યા. મેં વર્ષો પહેલા કહ્યું હતું તેમ, ઈરાન પાસે ક્યારેય પરમાણુ હથિયાર નહીં હોય! તેથી, હવે સ્થિતિ સ્પષ્ટ છે. બેઠક સારી રહી, મોટાભાગના મુદ્દાઓ પર સહમતી થઈ, પરંતુ જે મુદ્દો ખરેખર મહત્ત્વનો હતો - પરમાણુ, તેના પર વાત ન બની.




# તંત્રી લેખ......

## અવિશ્વાસ વચ્ચે શાંતિ શોધવી

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે લગભગ ૪૦ દિવસની લડાઈને રોકવા માટે કરવામાં આવેલ યુદ્ધવિરામ અત્યંત નાજુક છે. એવો ભય છે કે તે ગમે ત્યારે તૂટી શકે છે. યુદ્ધવિરામની જાહેરાત થયાના થોડા કલાકો પછી, ઈઝરાયલે લેબનોનમાં હિઝબુલ્લાહને લક્ષ્ય બનાવીને મોટો હુમલો કર્યો, જેમાં ૨૦૦ થી વધુ લોકો માર્યા ગયા. પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામની મધ્યસ્થી કરવામાં આવી હોવાના અહેવાલ છે.

પાકિસ્તાન આ મધ્યસ્થીનો શ્રેય લેવાનો પ્રયાસ કરી રહ્યું છે અને પોતાને શાંતિ નિર્માતા તરીકે રજૂ કરે છે, પરંતુ તે વિવાદ અને ઉપહાસમાં ફસાઈ ગયું છે. પાકિસ્તાનના મતે, યુદ્ધવિરામમાં લેબનોન પણ સામેલ હતું, પરંતુ ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સે આ વાતનો ઈનકાર કર્યો હતો. આનાથી ઈરાન ગુસ્સે થયો, જેણે હોર્મુઝ સમુદ્ર બંધ કરવાની ધમકી આપી. પાકિસ્તાન જે પણ દાવો કરે છે, તે સ્પષ્ટ છે કે તે મધ્યસ્થી તરીકે નહીં પણ સંદેશવાહક તરીકે કામ કરી રહ્યું હતું.

આ એક પોસ્ટ દ્વારા સાબિત થયું જેમાં કહેવામાં આવ્યું હતું કે તે પાકિસ્તાની વડા પ્રધાન માટે બનાવાયેલ છે. પાછળથી, એવું બહાર આવ્યું કે આ પોસ્ટ યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને પાકિસ્તાની વડા પ્રધાનને મોકલવામાં આવી હતી, અને તે ખુદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા જોવામાં આવી હતી. એવું માનવાના સારા કારણો છે કે પાકિસ્તાન ફક્ત યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે સંદેશાઓની આપ-લે જ કરી રહ્યું ન હતું, પરંતુ ચીન સાથે પણ સંપર્કમાં હતું.

પાકિસ્તાન ઈરાન સાથે તેની સરહદો વહેંચતું હોવાથી, તે આ યુદ્ધની ગરમીમાં ફસાઈ જવા માંગતો ન હતો, અથવા તેનો પ્રદેશ યુએસ દ્વારા ઉપયોગમાં લેવાય, અથવા સાઉદી અરેબિયાના બચાવમાં આવવા માંગતો ન હતો. બંને પરિસ્થિતિમાં, ઈરાન સાથેના તેના સંબંધો બગડ્યા હોત. પાકિસ્તાન એક પરમાણુ સશસ્ત્ર રાષ્ટ્ર છે, પરંતુ તેનો રાજદ્વારી પ્રભાવ અને પ્રતિષ્ઠા ઈરાન અને અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે શાંતિ કરાર કરવા માટે અપૂરતી છે.

એ વાતને અવગણી શકાય નહીં કે પાકિસ્તાની સંરક્ષણ પ્રધાને ઈઝરાયલ વિરુદ્ધ આક્રમક પોસ્ટ કરી હતી, જેમાં લખ્યું હતું કે, "મને આશા છે કે જેમણે યુરોપિયન યહૂદીઓથી છુટકારો મેળવવા માટે પેલેસ્ટિનિયન ભૂમિ પર આ કેન્સરગ્રસ્ત, વિનાશક શાસન (એટલે કે, ઈઝરાયલ) સ્થાપિત કર્યું છે તેઓ નરકમાં બળશે." ઈઝરાયલના સખત વાંધાને પગલે, પાકિસ્તાની સંરક્ષણ પ્રધાને આ પોસ્ટ ડિલીટ કરવી પડી. આ બધા વચ્ચે, અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાનમાં શાંતિ વાટાઘાટો થઈ રહી છે.

પાકિસ્તાન માટે એકમાત્ર આશ્વાસન એ છે કે યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી વાટાઘાટો થઈ રહી છે, જે પશ્ચિમ એશિયામાં પણ તેને ગંભીર અસર કરી રહી હતી, અને સમાધાન સુધી પહોંચવા માટે તેના પોતાના દેશમાં થઈ રહી છે. જો આ વાટાઘાટો દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે કાયમી કરાર થાય છે, તો ચીન મુખ્ય ભૂમિકા ભજવી શકે છે, કારણ કે તે ઈરાન પર નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે. એવું માનવામાં આવે છે કે ઈરાન ચીનના ઈશારે વાટાઘાટોમાં આગળ આવ્યું હતું. ચીનનું યુએઈ અને અન્ય ખાડી દેશોમાં નોંધપાત્ર રોકાણ છે. આ રોકાણ યુદ્ધ દ્વારા જોખમમાં મુકાયું હતું. ચીન ચિંતિત હતું અને પોતાના રોકાણોનું રક્ષણ કરવા માટે, યુદ્ધવિરામ સુરક્ષિત કરવા માટે પડદા પાછળ કામ કરી રહ્યું હતું.

હાલમાં, ઈરાન પર સંયુક્ત હુમલા દ્વારા અમેરિકાએ શું પ્રાપ્ત કર્યું તેનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે, કારણ કે ન તો ઈરાનમાં શાસન પરિવર્તન થયું કે ન તો તેની સેના હાર પામી. તેના બદલે, તેણે ઈઝરાયલને નિશાન બનાવતા ખાડી દેશો પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું. આનાથી માત્ર ખાડી દેશોને જોખમ થયું નહીં પણ અમેરિકાની સમસ્યાઓ પણ વધી. યુદ્ધવિરામની જાહેરાત થયા પછી પણ, ઈઝરાયલ લેબનોનને નિશાન બનાવવાનું ચાલુ રાખે છે કારણ કે ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ ત્યાં સક્રિય છે. તે ઈઝરાયલને નિશાન બનાવવાનું ચાલુ રાખે છે. પશ્ચિમ એશિયામાં યહૂદીઓ અને મુસ્લિમો વચ્ચે લાંબા સમયથી દુશ્મનાવટ ચાલી રહી છે.

# અમદાવાદના બોડકદેવમાં વોટ માંગવા ગયેલા ભાજપના પૂર્વ કોર્પોરેટર વાસંતી પટેલને સ્થાનિકોએ ઉભી પુંછડી ભગાડયા: ૫ વરસ કયાં હતા હવે કયા મોઢે વોટ લેવા આવ્યા છો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા બોડકદેવમાં ભાજપના પ્રચાર પ્રસાર દરમિયાન હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. સ્થાનિક સ્વરાજયની ચુંટણી નજીક આવતા જ નેતાઓ જનતાના દ્વારે પહોચ્યા છે. પરંતુ બોડકદેવના જાગૃત નાગરીકોએ પૂર્વ કોર્પોરેટર અને ભાજપના નેતાઓને આડે હાથ લીધા હતા. ઢોલ-નગારા સાથે વોટ માંગવા નિકળેલા નેતાઓનો સામનો જનતામાં ઉગ્ર આક્રોશ સાથે થયો હતો.

સ્થાનિકોએ કહ્યુ હતુ કે પાંચ વરસ સુધી કયાં હતા હવે કયા મોઢે વોટ લેવા નિકળ્યા છો. બનાવની વિગત એવી છે કે ભાજપના પૂર્વ કોર્પોરેટર વાસંતી પટેલ અને તેમની ટીમ બોડકદેવ વિસ્તારમાં પ્રચાર માટે પહોચી હતી. નેતાઓ જેવી સોસાયટીમાં દાખલ થયા કે તરત



જ મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. સ્થાનિકોએ વાસંતી પટેલને મોઢે મોઢ કહી સંભળાવ્યુ હતુ કે છેલ્લા પાંચ વરસમાં તમે એકપણ કામ કર્યુ નથી, તો હવે કયા મોઢે વોટ માંગવા આવ્યો છો ?

સ્થાનિકોનો મુખ્ય આક્ષેપ હતો કે વિસ્તારમાં લાઈટ, ગટર અને રોડ રસ્તાના કામો માટે અનેકવાર રજુઆતો કરવા છતાં કોઈ ધ્યાન આપવામાં આવ્યુ ન હતું, જનતાએ રોષે ભરાઈને પ્રશ્ન પુછયો હતો કે પાંચ વરસ સુધી જયારે અમે મુશ્કેલીમાં હતા ત્યારે તમે કયાં હતા ? હવે ચુંટણી આવી એટલે ફરીથી દેખાવા લાગ્યા છો ? આ ઉગ્ર વિરોધને જોતા ભાજપના નેતાઓને પ્રચાર પડતો મુકીને ત્યાંથી ઉભી પુંછડી ભાગવુ પડયુ હતું. સોશીયલ મીડીયા પર આ ઘટનાના વિડીયો વાયરલ થતા રાજકીય ગરમાવો વધી જવા પામ્યો હતો.

# પાડોશી દેશમાં જીવલેણ બીમારી ફેલાતા હડકંપ: ૧૦૦થી વધુ બાળકોના મોત!

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

હાલ બાંગ્લાદેશમાં બાળકોની તબિયત બગડવાના કિસ્સાઓમાં અચાનક ઉછાળો આવ્યો છે. શરૂઆતમાં સામાન્ય તાવ અથવા વાઈરલ માનવામાં આવતું હતું, પરંતુ જેમ જેમ કેસ વધતા ગયા તેમ તેમ સ્થિતિ ગંભીર બનતી ગઈ. રિપોર્ટ મુજબ, એક મહિનાથી ઓછા સમયમાં ૧૦૦થી વધુ બાળકોના મોત થતા આરોગ્ય તંત્ર હચમચી ગયું છે. તપાસ બાદ સ્પષ્ટ થયું કે આ પાછળ કોઈ સામાન્ય તાવ નહીં પણ ખસરા (Measles) નામની ખતરનાક અને ઝડપથી ફેલાતી બીમારી છે, જે ખાસ કરીને નાના બાળકોને પોતાની ઝપેટમાં લઈ રહી છે.ખસરા એક વાઈરલ ઈન્ફેક્શન છે, જે બાળકોમાં ઝડપથી ફેલાય છે. તેની શરૂઆત તાવ, ખાંસી, નબળાઈ અને શરીર પર ફોડલીઓ કે લાલ ચકામા જેવા સામાન્ય લક્ષણોથી થાય છે, જેને લોકો અવારનવાર અવગણતા હોય છે. પરંતુ સમયસર સારવાર ન મળવા પર આ બીમારી ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે, જેનાથી બાળકનું મૃત્યુ પણ થઈ શકે છે. આ બીમારીને કારણે શરીર નબળું પડી જાય છે અને અન્ય ખતરનાક સમસ્યાઓ પણ ઉભી થઈ શકે છે, જે નાના બાળકો માટે જીવલેણ સાબિત થાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખસરા એક અત્યંત ચેપી રોગ છે, જે હવા દ્વારા ખૂબ જ ઝડપથી ફેલાય છે. જ્યારે કોઈ સંક્રમિત વ્યક્તિ ખાંસી કે છીંક ખાય છે, ત્યારે વાઈરસ હવામાં ફેલાઈ જાય છે અને આસપાસના લોકો શ્વાસ દ્વારા તેને પોતાના શરીરમાં લઈ લે છે. આ જ કારણ છે કે આ બીમારી ટૂંકા સમયમાં મોટી સંખ્યામાં લોકોને સંક્રમિત કરી શકે છે, ખાસ કરીને ગીચ વિસ્તારોમાં તેનું જોખમ વધી જાય છે.

બાંગ્લાદેશમાં માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં ૯૦૦થી વધુ કેસ સામે આવ્યા છે, જેના કારણે હેલ્થ સિસ્ટમ પર દબાણ વધી ગયું છે. પરિસ્થિતિને ગંભીરતાથી લેતા, બાંગ્લાદેશ સરકારે આંતરરાષ્ટ્રીય આરોગ્ય સંસ્થાઓ સાથે મળીને ૫ એપ્રિલથી મોટા પાયે ઈમરજન્સી ખસરા-રૂબેલા રસીકરણ અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાનનો લક્ષ્ય ૧૨ લાખથી વધુ એવા બાળકોને સુરક્ષા આપવાનો છે, જેમને અત્યાર સુધી રસી નથી લાગી અને જેઓ સૌથી વધુ જોખમમાં છે.

નિષ્ણાતોનું કહેવું છે કે સમયસર રસીકરણ જ આ રોગથી બચવાનો સૌથી અસરકારક માર્ગ છે. સાથે જ, બાળકોમાં તાવ અથવા દાણા કે ચકામા જેવા લક્ષણો દેખાય કે તરત જ ડોક્ટરનો સંપર્ક કરવો અત્યંત જરૂરી છે, જેથી સમયસર સારવાર થઈ શકે અને ગંભીર પરિસ્થિતિ ટાળી શકાય.

# ખાસ બિલ માટે ભાજપનો માસ્ટર પ્લાન! સાંસદોની રજા રદ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીએ આગામી ખાસ સંસદ સત્રને ધ્યાનમાં રાખીને પોતાના તમામ સાંસદો માટે કડક સૂચનાઓ જાહેર કરી છે. પાર્ટીએ લોકસભા અને રાજ્યસભાના તમામ સભ્યો માટે થ્રી-લાઈન વ્હિપ જાહેર કરીને ૧૬થી ૧૮ એપ્રિલ સુધી ગૃહમાં ફરજિયાત હાજર રહેવા આદેશ આપ્યો છે. ભાજપ તરફથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ સમયગાળા દરમિયાન કોઈ પણ સાંસદ કે કેન્દ્રીય મંત્રીને રજા આપવામાં આવશે નહીં અને દરેક સભ્યએ સંસદની કાર્યવાહીમાં સક્રિયપણે ભાગ લેવો પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ખાસ સત્ર ઐતિહાસિક મહિલા અનામત સુધારા બિલ પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવ્યું છે, જે સરકાર માટે ખૂબ જ મહત્ત્વનું છે.

ભાજપ દ્વારા જાહેર કરાયેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ગુરુવારથી શનિવાર સુધી તમામ સભ્યોની હાજરી અનિવાર્ય છે અને વ્હિપનું કડક પાલન કરવું પડશે. આ ખાસ સત્રને કારણે દેશમાં રાજકીય ગરમાવો પણ તેજ થયો છે. બીજી તરફ, વિરોધ પક્ષોએ સરકાર પાસે માંગ કરી છે કે આ મુદ્દે પહેલા સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવે અને સીમાંકન (Delimitation) જેવા પાસાઓ પર સ્પષ્ટતા કરવામાં આવે. કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આ મામલે પીએમ મોદીને પત્ર લખ્યો છે. તેમણે મહિલા અનામત બિલ અને બંધારણીય સુધારા અંગે ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવવાનો આગ્રહ કર્યો છે. વિપક્ષે એવો આરોપ પણ લગાવ્યો છે કે આ ખાસ સત્ર વિરોધ પક્ષોને વિશ્વાસમાં લીધા વિના બોલાવવામાં આવ્યું છે અને ઘણી મહત્ત્વની વિગતો હજુ પણ અસ્પષ્ટ છે. સરકાર આ બિલ દ્વારા એક મોટો સામાજિક અને રાજકીય ફેરફાર લાવવાની વ્યૂહનીતિ ઘડી રહી છે, જેના પર હવે સમગ્ર દેશની નજર છે.

### ઈરાન-US શાંતિ વાર્તાલાપ કેમ નિષ્ફળ રહી?

# ઈસ્લામાબાદમાં કઈ ૪ શરતો પર પેચ ફસાયો?

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

ઈસ્લામાબાદમાં ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી શાંતિ મંત્રણા કોઈ પરિણામ વિના સમાપ્ત થઈ ગઈ છે. ૧૫ થી ૨૧ કલાક સુધી ચાલેલી આ મેરેથોન બેઠકમાં, બંને પક્ષો પોતપોતાની રેડ લાઈન્સ પર અડગ રહ્યા, જેના કારણે કોઈ કરાર થઈ શક્યો નહીં. રવિવારે સવારે પ્રેસ કોન્ફરન્સમાં યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સે સ્પષ્ટપણે કહ્યું, અમે ૨૧ કલાક સુધી સતત વાત કરતા રહ્યા, પરંતુ ઈરાને અમારી પ્રસ્તાવિત શરતો સ્વીકારી નહીં. ઈરાની મીડિયા તસ્નીમ અને મેહરે પણ પુષ્ટિ કરી કે વાટાઘાટોનો પ્રથમ દિવસ કોઈ પરિણામ વિના સમાપ્ત થયો. બીજા રાઉન્ડની અપેક્ષા હતી, પરંતુ વાટાઘાટો તૂટી ગઈ.

૧. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર નિયંત્રણઃ સૌથી મોટો વિવાદ :- ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, અમેરિકાની માંગ છે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ કોઈપણ શરત વગર સંપૂર્ણ રીતે ખુલ્લું રહેવું જોઈએ. ત્યાં કોઈ ફી કે ટોલ વસૂલવામાં ન આવે અને આંતરરાષ્ટ્રીય જહાજોને અવરજવરની સંપૂર્ણ સ્વતંત્રતા મળે. બીજી તરફ, ઈરાન પોતાનું નિયંત્રણ જાળવી રાખવા અથવા આંશિક અધિકારોની માન્યતા ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે યુદ્ધ દરમિયાન ઈરાને આ જળમાર્ગ બંધ કર્યો હતો, જેનાથી વિશ્વના કુલ તેલ પુરવઠાનો લગભગ ૨૦% હિસ્સો પ્રભાવિત થયો હતો.

૨. લેબેનોનમાં સીઝફાયર અંગે મડાગાંઠ :- ઈરાને લેબેનોનમાં ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ (સીઝફાયર) ને વાતચીતની પૂર્વ-શરત બનાવી હતી. અમેરિકા અને ઈઝરાયેલે આ શરતનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. જેડી વેન્સે આને રીઝનેબલ મિસઅંડરસ્ટેન્ડિંગ ગણાવી હતી, પરંતુ ઈરાન આ મુદ્દે નમતું જોખવા તૈયાર ન થયું. હાલમાં ઈઝરાયેલ લેબેનોનમાં તેના હુમલા ચાલુ રાખી રહ્યું છે.

૩. સેક્શન્સ (પ્રતિબંધો), બ્લોકડ એસેટ્સ અને ન્યુક્લિયર કાર્યક્રમ :- ઈરાનની મુખ્ય માંગ હતી કે તેની વિદેશમાં ફ્રીઝ કરાયેલી સંપત્તિ (બ્લોકડ એસેટ્સ) મુક્ત કરવામાં આવે, આર્થિક પ્રતિબંધો હટાવવામાં આવે અને તેને ન્યુક્લિયર એનરિચમેન્ટ (પરમાણુ સંવર્ધન) નો અધિકાર આપવામાં આવે. અમેરિકાએ પરમાણુ હથિયારોની ક્ષમતા સાથે જોડાયેલી કોઈપણ રાહ આપવાની ના પાડી દીધી હતી. યુએસ દ્વારા આપવામાં આવેલા ૧૫-પોઈન્ટના પ્રસ્તાવને ઈરાને અતિશય લોભી ગણાવ્યો હતો.

૪. અન્ય શરતો :- ઈરાને યુદ્ધમાં થયેલા નુકસાન માટે વળતર અને સમગ્ર પ્રદેશમાં વ્યાપક સીઝફાયરની માંગ પણ કરી હતી, જેને અમેરિકાએ ફગાવી દીધી હતી. વાર્તા શરૂ થાય તે પહેલાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, "જો કોઈ સોદો નહીં થાય, તો અમે ફરીથી હુમલાઓ શરૂ કરીશું. અમારા યુદ્ધ જહાજોને શ્રેષ્ઠ શસ્ત્રોથી સજ્જ કરવામાં આવી રહ્યા છે." ટ્રમ્પે કહ્યું, "ઈરાન પાસે હોર્મુઝથી ટૂંકા ગાળાના પાછા ખેંચવા સિવાય કોઈ પત્તો બાકી નથી." વાટાઘાટો નિષ્ફળ ગયા પછી, ટ્રમ્પે કહ્યું, "કંઈ વાંધો નહીં, આપણે જીતી ગયા છીએ. ઈરાન સંપૂર્ણપણે હાર્યું છે. કોઈ ડીલ થાય કે ન થાય, તેનાથી કોઈ ફરક પડતો નથી." જેડી વાન્સે એમ પણ કહ્યું કે અમેરિકા કોઈ ડીલ વગર પરત ફરી રહ્યું છે.૧૨ એપ્રિલની સવાર સુધીમાં તાત્કાલિક કોઈ લશ્કરી કાર્યવાહીની જાહેરાત કરવામાં આવી નથી. બંને પક્ષો વચ્ચે બે અઠવાડિયાનો નાજુક સીઝફાયર હજુ પણ લાગુ છે.

જોકે, ટ્રમ્પના અભિગમને જોતાં અમેરિકા હવે દબાણ વધારી શકે છે - કદાચ નૌકાદળના ઓપરેશન દ્વારા અથવા લક્ષિત હુમલાઓ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે સાફ કરવા માટે. અમેરિકાનું કહેવું છે કે તેની પાસે મજબૂત લશ્કરી સ્થિતિ છે, તેથી કોઈ બેકઅપ પ્લાનની જરૂર નથી. ઈરાને એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો અમેરિકા તેની શરતો સાથે સંમત નહીં થાય, તો ઈંટનો જવાબ પથ્થરથી અપાશે.

# ઉમરગામ જીઆઈડીસીની કંપનીમાં લાગી આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

જિલ્લાના ઉમરગામ જીઆઈડીસીમાં આવેલી એક કંપનીમાં આગ લાગી હતી. ગોલ કેન્ટીન વિસ્તાર નજીક આવેલી સોમનાથ ઓર્થો કેર કંપનીમાં અચાનક આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. આ કંપની પરિસરમાં મોટી માત્રામાં પ્લાસ્ટિકનો વેસ્ટનો જથ્થો સંગ્રહ કરેલો હતો. આ પ્લાસ્ટિક વેસ્ટ માં આગ લાગતા જ આગે મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગ એટલી વિકરાળ હતી કે દૂર દૂરથી ગોટેગોટા દેખાય રહ્યા હતા. જોકે, ફાયરની ગાડીઓની કલાકોની જહેમત બાદ આગને કાબૂમાં મેળવવામાં આવ્યો છે.

વલસાડ જિલ્લાના ઉમરગામ જીઆઈડીસીમાં આવેલી સોમનાથ ઓર્થો કેર કંપનીમાં આગ લાગવાની ઘટના બની હતી. આ કંપનીના પરિસરમાં મોટી માત્રામાં પ્લાસ્ટિકનો વેસ્ટ જથ્થો પડ્યો હતો. આ પ્લાસ્ટિક વેસ્ટમાં આગ લાગતાની સાથે જ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતુ. આ આગ લાગતાની સાથે કંપની આસપાસના વિસ્તારમાં ધુમાડાનું સામ્રાજય છવાયું હતું.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


# બેવફા નીકળેલી પત્નીએ બોયફ્રેન્ડ સાથે મળીને પતિને મારી નાખ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભીંડ

મધ્ય પ્રદેશના ઈન્દોરના રાજા રઘુવંશીના કેસ બાદ એવા કેટલાય કિસ્સા સામે આવ્યા છે, જેમાં પત્નીએ પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરાવી નાખી હોય. હવે આ જ ક્રમમાં ભીંડમાંથી એક સનસનીખેજ હત્યાનો ખુલાસો થયો છે. જ્યાં એક પતિ નીલેશ જાટવ પોતાની ત્રણ વર્ષની દીકરી અને પત્ની સાથે સાસરિયે જઈ રહ્યો હતો. ત્યારે અમુક અજાણ્યા હુમલાખોરોએ આવીને નીલેશને ગોળી મારી દીધી. પછી તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો. હવે કહાનીમાં એક નવો વળાંક આવ્યો છે, જ્યાં જાણવા મળ્યું છે કે પતિને મારવામાં પત્નીનો પૂરો હાથ છે અને તેમાં તેના પ્રેમીએ પણ સાથ આપ્યો છે. બાદમાં અટેર પોલીસે મોટી કાર્યવાહી કરી અને આ મામલાનો ખુલાસો કર્યો છે. કહેવાય છે કે પત્ની રૂબીનો પ્રેમી વિશાલ જાયવ છેલ્લા ૭-૮ વર્ષથી પ્રેમ સંબંધમાં હતા અને તેઓ વોટ્સએપ પર ખૂબ ચેટિંગ કરતા હતા. આ જ કારણથી પત્નીએ પતિને રસ્તામાંથી હટાવવા માટે સુનિયોજિત રીતે ચાલ ચલી. જ્યારે પતિ અને પત્ની મોટરસાયકલ પર સાસરિયે જઈ રહ્યા હતા અને દરમ્યાન તેમની બાળકી પણ તેમની સાથે હતી. ત્યારે પ્રેમી વિશાલ જાયવે બીજી બાઈક પર આવીને પતિને ગોળી મારી દીધી. આ દરમ્યાન બેગ પડવાનું બહાનું બનાવ્યું અને બાઈકથી દૂર થઈ ગઈ હતી. જેથી તેનો પ્રેમી તેને યોગ્ય રીતે ગોળી મારી શકે. ત્યાર બાદ પત્નીએ પોતાની માસૂમ બાળકીની સામે જ પતિની હત્યા કરાવી નાખી.

બાદમાં જ્યારે પતિને ગોળી વાગી ગઈ, તો પત્ની ચીસો પાડીને રડવા લાગી. ત્યાર બાદ તેણે પોતાના દિયરને ફોન કર્યો અને કહ્યું કે જલદી આવી જાઓ, અઘટિત ઘટના થઈ છે. પછી પતિને તાત્કાલિક હોસ્પિટલે પહોંચાડ્યો. જે બાદ ત્યાં પતિને મૃત જાહેર કરવામાં આવ્યો.

ખાસ વાત એ રહી કે નીલેશના અંતિમ સંસ્કારમાં પણ આરોપી સામેલ થયો હતો. ડીઆઈજી અસિત યાદવે આ મામલાનો ખુલાસો કર્યો છે અને જણાવ્યું કે, આ ઘટનામાં જે હથિયાર ઉપયોગ થયા હતા. તેને પણ પોલીસે જપ્ત કરી લીધા છે. તેમણે જણાવ્યું કે, પોલીસે અલગ અલગ રીતે પૂછપરછ કરી હતી, તો પત્નીએ સત્ય હકીકત જણાવી દીધી. પત્નીએ ઘટનાને લૂંટનું સ્વરૂપ આપવા માટે પ્લાન બનાવ્યો હતો. પોલીસ તપાસમાં કાવતરાની આખી કહાની સામે આવી છે. ગોળી મારે તે પહેલા પત્નીએ થોડી વાર પહેલા પ્રેમી સાથે વાત કરી હતી. તેનાથી આખું રહસ્ય ખુલી ગયું. પોલીસે કાર્યવાહી કરતા પત્ની અને તેના પ્રેમીની ધરપકડ કરી લીધી છે. તો વળી અન્ય એક આરોપી હજુ પણ ફરાર છે. જે બાઈક પર બેસીને પ્રેમી આવ્યો હતો, તેને તેનો સાથી રાજેશ કુશવાહા ચલાવી રહ્યો હતો. રાજેશ હજુ પણ ફરાર છે. પણ પોલીસ તેને પણ શોધી રહી છે.

### કોઈ તોડી ન શકે તેવો વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો

# આશા ભોંસલેએ ૨૦ ભાષામાં ૧૧,૦૦૦થી વધુ ગીતો ગાયા

### કરોડો દિલો પર રાજ કરનાર આશા ભોંસલેનું નામ સંગીત જગતમાં આજે પણ અત્યંત આદર સાથે લેવામાં આવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભારતીય સંગીત જગતનાં સુવર્ણ યુગના સાક્ષી અને કરોડો દિલો પર રાજ કરનાર આશા ભોંસલેનું નામ આજે પણ અત્યંત આદર સાથે લેવામાં આવે છે. જોકે, સુરોની આ મલ્લિકા અને દિગ્ગજ ગાયિકા હવે આપણી વચ્ચે રહ્યાં નથી. મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા છે. ૧૯૪૦ના દાયકાથી ઈન્ડસ્ટ્રીમાં સક્રિય રહેલા આશાતાઈએ માત્ર ગીતો જ નથી ગાયા, પરંતુ પોતાની શૈલીમાં અનેક પ્રયોગો કરીને સંગીતમાં નવા માપદંડો પણ સ્થાપિત કર્યા છે. ૨૦ ભાષાઓમાં ૧૧,૦૦૦થી વધુ ગીતો ગાવાનો તેમનો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ આજે પણ અકબંધ છે. સંઘર્ષથી સફળતા સુધીની તેમની આ સફર દરેક કલાકાર માટે પ્રેરણારૂપ છે.

આશા ભોંસલેની સફર અને સંઘર્ષ :- આશા ભોંસલેનો જન્મ ૮ સપ્ટેમ્બર ૧૯૩૩ના રોજ મહારાષ્ટ્રના સાંગલીમાં થયો હતો. પંડિત દીનાનાથ મંગેશકરની ત્રીજી પુત્રી આશાએ માત્ર ૧૦ વર્ષની ઉંમરે પોતાની મોટી બહેન લતા મંગેશકર સાથે પહેલું મરાઠી ગીત ચલા ચલા નવ બાલ ગાયું હતું. જોકે, તેમને ખરી ઓળખ ૧૬ વર્ષની વયે રાત કી રાની ફિલ્મમાં મળેલા સોલો ગીતથી મળી હતી. સંગીત પરિવારમાંથી હોવા છતાં, ઈન્ડસ્ટ્રીમાં પોતાની જગ્યા બનાવવા માટે તેમને ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો.

લતા દીદી સાથેની સ્પર્ધા અને શૈલીમાં ફેરફાર :- કરિયરની શરૂઆતમાં આશાતાઈનો અવાજ લતા મંગેશકર જેવો જ લાગતો હતો, જેના કારણે લોકો કન્ફ્યુઝ થતા હતા. આશાતાઈએ અનુભવ્યું કે જો તેઓ દીદીની જેમ જ ગાશે, તો તેમની પોતાની કોઈ ઓળખ નહીં બને. આથી તેમણે જાણી જોઈને પોતાની ગાવાની શૈલી બદલી. તેમણે અંગ્રેજી ફિલ્મો જોઈને વેસ્ટર્ન સિંગિંગ શીખી, કવ્વાલી અને ગઝલ પર પકડ મજબૂત કરી અને બોલીવુડના ગીતોને એક નવો અંદાજ આપ્યો.

ગિનીસ વર્લ્ડ રેકોર્ડ અને આંતરરાષ્ટ્રીય સન્માન :- વર્ષ ૨૦૧૧માં ૧૧,૦૦૦ થી વધુ ગીતો અને ૨૦થી વધુ ભાષાઓમાં રેકોર્ડિંગ કરવા બદલ આશા ભોંસલેનું નામ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું હતું. એટલું જ નહીં, તેઓ ૨૦૦૫માં ગ્રેમી એવોર્ડ માટે નોમિનેટ થનારા પ્રથમ ભારતીય મહિલા સિંગર પણ બન્યા હતા. તેમનો અવાજ આજે ૨૦૨૬માં પણ એટલો જ તાજગીભર્યો અને પ્રભાવશાળી લાગે છે.

બોલ્ડ ગીતો અને વિવાદો :- દમ મારો દમ અને પિયા તુ અબ તો આજા જેવા ગીતો તે સમયમાં અત્યંત બોલ્ડ માનવામાં આવતા હતા.

આશાતાઈએ પોતે સ્વીકાર્યું હતું કે આર.ડી. બર્મન જ્યારે તેમને આવા ગીતો આપતા ત્યારે તેઓ નારાજ થતા હતા. એક કિસ્સા મુજબ, પિયા તુ અબ તો આજા ના રેકોર્ડિંગ વખતે ગીતકાર મજરૂહ સુલ્તાનપુરી શરમને કારણે સ્ટુડિયો છોડીને જતા રહ્યા હતા. છતાં, આશાતાઈએ આ ગીતોને એવી રીતે ગાયા કે તે આજે પણ હિટ છે.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### વડોદરા મંડળ દ્વારા “વિશ્વ ધરોહર દિવસ”ની ઉજવણી

# વડોદરાનું રેલવે હેરિટેજ મ્યુઝિયમ જનતા માટે નિઃશુલ્ક ખુલ્લું રહેશે

“વિશ્વ ધરોહર દિવસ”ના અવસરે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા પ્રતાપનગર સ્થિત રેલવે હેરિટેજ મ્યુઝિયમ, રોલિંગ સ્ટોક પાર્ક તથા હેરિટેજ પાર્કને ૧૩ એપ્રિલ ૨૦૨૬થી ૧૮ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન જનતા માટે નિઃશુલ્ક ખુલ્લું રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ પ્રેસ નોટ મુજબ, આ સમયગાળા દરમિયાન આ પરિસર દરરોજ સવારે ૯:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે નિઃશુલ્ક ખુલ્લું રહેશે, જેથી વધુમાં વધુ લોકો ભારતીય રેલવેની ગૌરવશાળી ધરોહરને નજીકથી નિહાળી અને સમજી શકે. વડોદરા મંડળના વરિષ્ઠ મંડલ યાંત્રિક ઈજનેર શ્રી અનિલ કુમારે જણાવ્યું હતું કે પ્રતાપનગર સ્થિત આ રેલવે હેરિટેજ મ્યુઝિયમ ભારતીય રેલવેની સમૃદ્ધ નેરોગેજ વારસાને સંભાળી રહ્યું છે? અહીં પ્રદર્શિત સંગ્રહ માત્ર ઐતિહાસિક મહત્વ ધરાવતા નથી, પરંતુ આવનારી પેઢીને રેલવેના વિકાસ અને તકનીકી પ્રગતિ અંગે માહિતગાર કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હેરિટેજ પાર્ક, મ્યુઝિયમ અને રોલિંગ સ્ટોક પાર્ક દ્વારા આ અમૂલ્ય ધરોહરને સંરક્ષિત કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે, વડોદરા મંડળ દ્વારા તમામ નાગરિકોને આ અવસરનો લાભ લેવા અને પોતાના પરિવાર તેમજ મિત્રોના સાથે આ ઐતિહાસિક સ્થળની મુલાકાત લઈને ભારતીય રેલવેની ધરોહર સાથે જોડાવા માટે અનુરોધ કરવામાં આવે છે.

# ભાજપને ન્યાયમાં નહી માત્ર મત માં રસઃ બાપુનગરમાં કાર્યકર્તાના હત્યારાઓને પક્ષમાં આવકારતા સર્જાયો ભારે વિવાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં બાપુનગર વોર્ડના ભાજપ કાર્યાલયનુ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ દરમિયાન વર્ષ ૨૦૨૫ માં થયેલી હત્યાના કેસના બે આરોપીઓનુ ભાજપનો ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. ૨૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ભાજપના જ કાર્યકર્તા વિશાલ શ્રીમાળી ની હત્યા થઈ હતી. જે અંગે બાપુનગર પોલીસ સ્ટેશનમાં




ફરીયાદ નોંધાઈ હતી.

આ હત્યાના આરોપી હર્ષદ સોલંકી અને હિંમત સોલંકી જેવો અગાઉ કોંગ્રેસના આગેવાન હતા તેઓને ધારાસભ્ય દિનેશ કુશવાહ દ્વારા ખેસ પહેરાવી પક્ષમાં આવકારવામાં આવ્યા હતા. આમ ભાજપના જ કાર્યકર્તાની હત્યાના આરોપીઓને ભાજપના કાર્યાલય ઉદ્‌ઘાટન પ્રસંગે વિધિવત રીતે પક્ષમાં જોડવામાં આવ્યા છે. ખાસ વાત તો એ છે કે આ વિવાદ બાદ ઘણા કાર્યકર્તાઓના અને સામાન્ય જનતાના મનમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે કે શું ભાજપ હવે હત્યારાઓની પાર્ટી બની ગઈ ?

# પાટણના વોર્ડ નં.૪ માં ચુંટણી બહિષ્કારનુ અપાયુ એલાનઃ કામ નહી તો વોટ નહી ના નારા લાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

૨૬ એપ્રિલે યોજાનારી પાટણ નગરપાલિકાની ચુંટણી અગાઉ વોર્ડ નં. ૪ માં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. જો કે આ ગરમાવો વિકાસના કામોને લઈને નહી પરંતુ વરસોથી વણઉકેલાયેલી સમસ્યાઓને લઈને છે. સિધ્ધેશ્વરી પાર્ક થી લઈને ઓવરબ્રિજ નીચેની સોસાયટીઓ સુધી જનતામાં સત્તાધારી ભાજપ પક્ષ પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે. વોર્ડ નં. ૪ માં પાયાની સુવિધાઓના નામે શુન્યતા જોવા મળી રહી છે. સિધ્ધેશ્વરી પાર્ક અને આકાશગંગા ફલેટમાં ગટરના પાણી લોકોના ઘરો અને ચોગાનમાં ફરી વળ્યા છે. પાલિકાનુ રીપેરીંગ કામ માત્ર કામચલાઉ સાબિત થયુ છે.

### ગટરના ગંદા પાણી, દુષિત પાણી અને બિસ્માર રોડ રસ્તાઓથી ત્રસ્ત રહીશોએ શાસકો સામે મોરચો માંડયો




સિધ્ધનાથ નગરના રહીશોના જણાવ્યા મુજબ નળ માં આવતુ પાણી એટલુ ગંદુ અને માટીવાળુ હોય છે કે ટાઈફોઈડ અને કોલેરા જેવા રોગો ફાટી નિકળવાની બીક છે. તો યસ હેરીટેજ-૧, સિધ્ધરાજનગર અને રાજનગરના રોડ રસ્તાઓ ચાલવા લાયક રહ્યા નથી, ઓવરબ્રિજ નીચે આડેધડ પાર્કિંગને કારણે સ્થાનિકોનો રસ્તો રૂંધાઈ રહ્યો છે. આદર્શ રોડ પર કચરાના ઢગલા અને રખડતા ઢોરોનો ત્રાસ છે. રહીશોનો આક્ષેપ છે કે સફાઈ કામદારો કચરો ઉપાડવાને બદલે બંધ મકાનોમાં ફેકી દે છે અથવા ત્યાં જ સળગાવી દે છે, વોર્ડ નં. ૪ માં ખાસ કરીને મહિલાઓમાં ઉગ્ર રોષ છે. સ્થાનિક મહિલાઓએ આક્રોશ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે છેલ્લા ૮ મહિનાથી રજુઆત કરીએ છીએ પણ કોઈ ડોકાતુ નથી, જયારે વોટ લેવા હોય ત્યારે નેતાઓ ઘરે આવે છે, પણ અત્યારે કોઈ ફોન પણ ઉપાડતુ નથી. ગટરની ગંદકીથી કંટાળીને કેટલીક સોસાયટીના રહીશોએતો પાલિકા પર ભરોસો મુકવાને બદલે પોતે ફાળો ઉઘરાવીને ગટર લાઈન નાખવાની ફરજ પડી છે. જે પાલિકાની નિષ્ફળતા છતી કરે છે. વોર્ડ નં. ૪ આંકડાકીય વિગત અને જ્ઞાતિસમીકરણો જોઈએ તો કુલ મતદારો ૮,૫૧૭ પુરુષ, ૪,૪૦૭ અને મહિલાઓ ૪,૧૧૦ છે. જેમાં જ્ઞાતિ સમીકરણમાં પટેલ, દેસાઈ, ચૌધરી, ઠાકોર, બ્રાહ્મણ અને અનુસુચિત જાતિના મતદારોનુ વર્ચસ્વ છે.

# SIRની ડેડલાઈન પર માથાકૂટઃ ચૂંટણી પંચે યુપી બાદ મહારાષ્ટ્રના અધિકારી સાથે કરી બબાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા હાથ ધરવામાં આવેલા મતદાર યાદીના SIR અભિયાનને લઈને વિવાદ વકર્યો છે. એક તરફ મુખ્ય ચૂંટણી કમિશનર અને IAS અધિકારીઓ વચ્ચે તીખી બોલાચાલી થઈ રહી છે, તો બીજી તરફ લાખો મતદારોના નામ યાદીમાંથી કપાઈ જતાં મામલો હવે દેશની સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો છે.

તાજેતરમાં યુપી કેડરના ૨૦૦૦ બેચના IAS અધિકારી અનુરાગ યાદવને પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં ચૂંટણી નિરીક્ષક પદેથી હટાવી દેવામાં આવ્યા છે. એક વીડિયો કોન્ફરન્સિંગ દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર સાથે તેમની ઉગ્ર દલીલ થઈ હતી. સમીક્ષા બેઠકમાં પોલિંગ સ્ટેશનની સંખ્યાનો જવાબ મોડો આપવા બદલ સવાલ ઉઠાવાતા અનુરાગ યાદવે કહ્યું કે, હું પણ ૨૫ વર્ષથી સર્વિસમાં છું, મારી સાથે આ રીતે વાત ન કરી શકાય. આ ઘટનાને શિસ્તહીનતા ગણીને આયોગે તેમને તાત્કાલિક પદમુક્ત કર્યા હતા.

માત્ર ઉત્તર પ્રદેશ કે પશ્ચિમ બંગાળ જ નહીં, મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) એસ. ચોકલિંગમે પણ નવેમ્બર મહિનામાં પંચને પત્ર લખીને આગાહ કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મતદાર યાદી શુદ્ધ કરવાનું કામ ઉતાવળમાં ન થઈ શકે. જ્યાં ચૂંટણી નજીક નથી, ત્યાં પૂરતો સમય આપવો જોઈએ. વર્તમાન ડેટાને ૨૦૦૨ના રેકોર્ડ સાથે મેપ કરવો એ સમય માંગી લે તેવી પ્રક્રિયા છે. નોંધનીય છે કે ૨૦૦૧-૦૨માં આ પ્રક્રિયા ૧૩ મહિના ચાલી હતી, જેની સામે અત્યારે ખૂબ જ ઓછો સમય અપાયો છે. પશ્ચિમ બંગાળમાં આ મામલો હાલ સૌથી વિવાદિત બન્યો છે. આ ઉતાવળની સૌથી ગંભીર અસર પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહી છે. રાજ્યમાં અંદાજે ૮૯ લાખ મતદારોના નામ યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેમાંથી ૨૭.૧ લાખ લોકો એવા છે જેમને અપીલ કરવાની પણ તક મળી નથી. એપ્રિલના અંતમાં થનારા મતદાન પહેલા લાખો લોકો મતાધિકાર ગુમાવે તેવી સ્થિતિ સર્જાતા આ વિવાદ હવે સુપ્રીમ કોર્ટના દ્વારે પહોંચ્યો છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સકપાલે પણ ૧૩ મહિનાનો સમય આપવાની માંગણી કરી છે. બીજી તરફ, ચૂંટણી પંચના સૂત્રોનું કહેવું છે કે આગામી સમયમાં વસ્તી ગણતરી (Census) શરૂ થવાની હોવાથી, જે સરકારી કર્મચારીઓ અને શિક્ષકો ચૂંટણી ડ્યુટી કરે છે તેઓ વ્યસ્ત થઈ જશે. તેથી આ પ્રક્રિયા વહેલી પૂરી કરવી અનિવાર્ય છે.

ચૂંટણી યાદીને ક્ષતિરહિત બનાવવાનો આશય સારો હોઈ શકે, પરંતુ વહીવટી અધિકારીઓનો વિરોધ અને લાખો મતદારોના નામ કટ થવાની ઘટનાએ લોકશાહીના આ સૌથી મોટા પર્વ સામે સવાલો ઉભા કર્યા છે. હવે જોવાનું એ રહેશે કે સુપ્રીમ કોર્ટ આ મામલે શું વલણ અપનાવે છે.

### અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સનું નિવેદન

# ઈરાને અમારી શરતો માની નથી, વાતચીત નિષ્ફળ રહી

## જે.ડી. વાન્સની આ સ્પષ્ટતા બાદ વિશ્વમાં ફરીથી શાંતિ સ્થાપિત કરવાની આશા નિરાશામાં ફેરવાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

ઈરાન સાથેના યુદ્ધને કારણે સમગ્ર વિશ્વમાં ખલબલી મચી ગઈ છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી ઉર્જા સંકટ જેવી પરિસ્થિતિઓ સર્જાઈ છે. આ પરિસ્થિતિમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો વધુ તીવ્ર બન્યા છે. આ સંદર્ભમાં, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાનના પ્રતિનિધિઓ પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ પહોંચ્યા છે. અહેવાલો સૂચવે છે કે વાટાઘાટોના પ્રથમ રાઉન્ડમાં કોઈ નક્કર પરિણામ મળ્યું નથી, કારણ કે યુએસ અને ઈરાન બંને પોતપોતાની માંગણીઓ પર અડગ રહ્યા છે. શાંતિ મંત્રણાની આસપાસની પરિસ્થિતિ સ્પષ્ટ કરવા માટે, યુએસ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે વ્યક્તિગત રીતે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી, કોઈ કરાર થયો નથી. જે.ડી. વાન્સની આ સ્પષ્ટતા બાદ વિશ્વમાં ફરીથી શાંતિ સ્થાપિત કરવાની આશા નિરાશામાં ફેરવાઈ છે. ઈસ્લામાબાદમાં મીડિયાને સંબોધતા, યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વાન્સે જણાવ્યું હતું કે, "ખરાબ સમાચાર એ છે કે, અમે કોઈ કરાર પર પહોંચી શક્યા નથી. મારું માનવું છે કે, આ અમેરિકા કરતાં ઈરાન માટે ખરાબ સમાચાર છે. પરિણામે, અમે કોઈ કરાર પર પહોંચ્યા વિના યુએસએ પાછા ફરી રહ્યા છીએ. તેમણે અમારી શરતો સ્વીકારવાનો ઈનકાર કર્યો છે." જે.ડી. વાન્સનું આ નિવેદન સમગ્ર વિશ્વ માટે ખરાબ સમાચાર છે. ઈસ્લામાબાદમાં અમેરિકન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરનારા વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વાન્સ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી બાદ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષમાં વધુ વધારો થવાની આશંકા તીવ્ર બની છે.જે.ડી. વાન્સે શાંતિ વાટાઘાટો અંગે અનેક મહત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી. તેમણે ટિપ્પણી કરી, "વાર્તાલાપમાં જે કંઈ ખામીઓ હતી તે પાકિસ્તાનીઓના કારણે નહોતી. તેમણે ઉત્તમ કામ કર્યું અને અમારા અને ઈરાનીઓ બંનેને અમારા બંને પક્ષો વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરવાનો ખરા અર્થમાં પ્રયાસ કર્યો, જેનાથી અમે એક કરાર પર પહોંચી શક્યા.

### રુતુરાજ ગાયકવાડને પણ મોટો ઝટકો

# નીતિશ રાણાને ભૂલ પડી ગઈ ભારે! BCCIએ ફટકારી કડક સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026ની ૧૮મી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ટક્કર જોવા મળી. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે સિઝનની પોતાની પહેલી જીત મેળવી હતી. જોકે, મેચ દરમિયાન એક મોટો વિવાદ પણ સર્જાયો હતો. દિલ્હીની ઈનિંગ દરમિયાન ટ્રિસ્ટન સ્ટબ્સે પોતાના ગ્લોવ્ઝ બદલવાની વિનંતી કરી હતી, પરંતુ અમ્પાયરે આ વિનંતીને નકારી કાઢી હતી. આનાથી નીતિશ રાણા ગુસ્સે થયો હતો, જે ફોર્થ અમ્પાયર સાથે ઝઘડો કરતો જોવા મળ્યો હતો. અમ્પાયર સાથે મેદાન પર થયેલી તેની ઉગ્ર દલીલ અને ગુસ્સાભર્યા પ્રતિક્રિયાઓ બાદ દિલ્હી કેપિટલ્સ બેટ્સમેન સામે હવે સત્તાવાર કાર્યવાહી કરવામાં આવી છે.

IPL દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, નીતિશ રાણાને તેની મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. વધુમાં તેના શિસ્ત રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે. રાણાને ખેલાડીઓ અને ટીમ અધિકારીઓ માટે IPL આચારસંહિતાના લેવલ ૧નું ઉલ્લંઘન કરવાનો દોષી ઠેરવવામાં આવ્યો હતો.

ખાસ કરીને રાણાએ IPL આચારસંહિતાની કલમ ૨.૩નું ઉલ્લંઘન કર્યું હતું, જે મેચ દરમિયાન અયોગ્ય અથવા અપમાનજનક ભાષાના ઉપયોગથી સંબંધિત છે. આ ઘટના ઈનિંગની ૧૯મી ઓવર દરમિયાન બની હતી, જ્યારે રાણાએ ફોર્થ અમ્પાયર સાથે લાંબી દલીલ કરી હતી. અહેવાલ મુજબ, નીતિશ રાણાએ પોતાનો ગુનો સ્વીકાર્યો છે અને મેચ રેફરીએ ફટકારેલી સજા સ્વીકારી છે. આ સમગ્ર ઘટનાક્રમ પછી એ સ્પષ્ટ થઈ ગયું છે કે IPLમાં શિસ્ત સંબંધિત કડક પગલાં લાગુ કરવામાં આવી રહ્યા છે અને મેદાન પર ખેલાડીઓના વર્તન પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. દિલ્હી કેપિટલ્સ હવે ૧૮ એપ્રિલે RCB સામે ટકરાશે. નીતીશ રાણા ઉપરાંત, ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન રુતુરાજ ગાયકવાડને પણ દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડ તેને સ્લો ઓવર-રેટને કારણે લાદવામાં આવ્યો હતો. IPL આચારસંહિતાના કલમ ૨.૨૨ હેઠળ જે ન્યૂનતમ ઓવર-રેટ સંબંધિત ગુનાઓ સાથે સંબંધિત છે, આ તેમની ટીમનો સિઝનનો પહેલો ગુનો હતો તેથી ગાયકવાડને ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

### બાજુમાં બેઠો હતો સૂર્યવંશી

# ડગઆઉટમાં ફોન વાપરતા રંગે હાથ ઝડપાયા RRના મેનેજર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026માં રાજસ્થાન રોયલ્સે શાનદાર પ્રદર્શન કર્યું છે, સતત ચાર મેચ જીતી છે. જો કે, આ દરમિયાન રાજસ્થાન રોયલ્સ હવે એક મોટા વિવાદમાં ફસાઈ છે. ૧૦ એપ્રિલના રોજ ગુવાહાટીમાં રમાયેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની મેચ દરમિયાન ટીમ મેનેજર રોમી ભિંડર ડગઆઉટમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા જોવા મળ્યા છે, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેનાથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. વાયરલ ક્લિપમાં રોમી ભિંડર સ્પષ્ટપણે ડગઆઉટમાં મોબાઈલ ફોન ચલાવતા જોઈ શકાય છે, જ્યારે યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી તેમની બાજુમાં બેઠો છે. આ ઘટના રાજસ્થાનની ઈનિંગની ૧૧મી ઓવર દરમિયાન વૈભવ સૂર્યવંશી આઉટ થઈને ડગઆઉટમાં પાછો ફર્યાના થોડા સમય પછી બની હતી.

IPLના પ્લેયર એન્ડ મેચ ઓફિશિયલ એરિયા (PMOA) પ્રોટોકોલ હેઠળ, ડગઆઉટ, ડ્રેસિંગ રૂમ, ખેલાડીઓના બેઠક વિસ્તાર, થર્ડ અમ્પાયરનો વિસ્તાર અને મેચ રેફરીના રૂમ જેવા નિયુક્ત વિસ્તારોમાં મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ડિવાઈસના ઉપયોગ પર કડક પ્રતિબંધ છે. જો કે, ટીમ વિશ્લેષકોને તેમના નિયુક્ત વિશ્લેષક ટેબલ પર મર્યાદિત હદ સુધી ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરવાની મંજૂરી છે. ટીમ મેનેજરને ફક્ત ડ્રેસિંગ રૂમની અંદર ફોનનો ઉપયોગ કરવાની પરવાનગી છે, પરંતુ ડગઆઉટમાં નહીં. આનો અર્થ એ થાય છે કે રોમી ભિંડરે ખરેખર નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. વધુમાં સ્ટેડિયમ પહોંચ્યા પછી ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફે તેમના મોબાઈલ ફોન, સ્માર્ટવોચ અથવા અન્ય ડિવાઈસ ટીમ સિક્યુરિટી લાયઝન ઓફિસર (SLO) પાસે જમા કરાવવા જરૂરી છે, જે તેઓ મેચ સમાપ્ત થયા પછી જ મેળવી શકે છે. આ સમગ્ર મામલાને ગંભીરતાથી જોવામાં આવી રહ્યો છે કારણ કે તે ભ્રષ્ટાચાર વિરોધી નિયમો સાથે સંબંધિત છે. ’પ્લેયર અને મેચ ઓફિશિયલ એરિયા’માં ઈલેક્ટ્રોનિક ડિવાઈસનો ઉપયોગ મેચની પ્રામાણિકતા પર શંકા પેદા કરી શકે છે. આ ઘટના અંગે મીડિયા સાથે વાત કરતા IPLના એક અધિકારીએ જણાવ્યું કે મેનેજરો અને મીડિયા મેનેજરોને ફોન રાખવાની પરવાનગી છે, પરંતુ તેમના ઉપયોગને નિયંત્રિત કરવાના નિયમો સ્પષ્ટ છે. ડગઆઉટમાં ફોન ચલાવવો એ ગંભીર ભૂલ છે.

### તમામ રાજકીય પક્ષોને પત્ર લખીને મોદીની અપીલ

# ૨૦૨૯ની ચૂંટણીમાં મહિલા અનામત લાગુ કરવા એક થાઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના લોકશાહીમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક મોટું પગલું ભર્યું છે. પીએમ મોદીએ તમામ રાજકીય પક્ષોના નેતાઓને પત્ર લખીને નારી શક્તિ વંદન અધિનિયમમાં સુધારાને સમર્થન આપવા અને તેને વહેલી તકે લાગુ કરવા માટે એક થવા વિનંતી કરી છે. વડાપ્રધાને પત્રમાં જણાવ્યું છે કે, ૧૬ એપ્રિલથી સંસદમાં આ અધિનિયમ પર ચર્ચા શરૂ થશે. પીએમ મોદીએ આ બેઠકને લોકશાહીને મજબૂત કરવાની તક ગણાવી છે. તેમણે કહ્યું કે, વિકસિત ભારતના સંકલ્પ માટે નારી શક્તિનો પૂર્ણ સહયોગ અને નેતૃત્વ અનિવાર્ય છે. અવકાશથી લઈને રમતગમત સુધી દીકરીઓ પોતાની ક્ષમતા સાબિત કરી રહી છે, હવે રાજનીતિમાં પણ તેમને યોગ્ય સ્થાન મળવું જોઈએ. પીએમ મોદીના પત્રની સૌથી મહત્વની વાત એ છે કે, સરકારે હવે આ અનામતને ૨૦૨૯ની લોકસભા અને તમામ વિધાનસભા ચૂંટણીઓથી જ સંપૂર્ણ રીતે લાગુ કરવાનો નિર્ણય લીધો છે. બંધારણીય નિષ્ણાતો અને વિવિધ પક્ષો સાથેના પરામર્શ બાદ આ નિષ્કર્ષ પર પહોંચ્યા છે. ૨૦૨૯ થી મહિલા અનામત લાગુ થવાથી લોકશાહી સંસ્થાઓમાં નવી ઊર્જાનો સંચાર થશે અને જનતાનો વિશ્વાસ વધુ મજબૂત બનશે.

વડાપ્રધાને પક્ષોને અપીલ કરી છે કે, આ મુદ્દો કોઈ એક પક્ષ કે વ્યક્તિનો નથી, પરંતુ દેશની ૧૪૦ કરોડ જનતા અને આવનારી પેઢીઓ માટેની જવાબદારી છે. તેમણે લખ્યું છે કે, વર્ષ ૨૦૨૩ માં જ્યારે આ ખરડો સંસદમાં પસાર થયો હતો, ત્યારે આખી દુનિયાએ ભારતની સામૂહિક ઈચ્છાશક્તિ જોઈ હતી. હવે તેને વાસ્તવિકતામાં બદલવાનો આ જ યોગ્ય સમય છે.

પીએમ મોદીએ આ પગલાને મહિલાઓ પ્રત્યેના વચનને પૂરું કરવાની દિશામાં મહત્વનું ગણાવ્યું હતું. જે સાંસદો આ ઐતિહાસિક કાર્યમાં યોગદાન આપશે, તેઓ હંમેશા સંસદની ગરમી બાબતે હંમેશા ગર્વ અનુભવશે. તમામ દળોને એક સૂરમાં સુધારો પસાર કરવા અને વધુમાં વધુ સાંસદોને આ ચર્ચામાં ભાગ લેવા વિનંતી કરી હતી.

વડાપ્રધાન મોદીનો આ પત્ર સ્પષ્ટ સંકેત આપે છે કે, ૨૦૨૯ની ચૂંટણીઓ પહેલા ભારતની સંસદ અને વિધાનસભાનું ચિત્ર બદલાઈ જશે, જેમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ નિર્ણાયક ભૂમિકામાં હશે.

# પાકિસ્તાન ફફડી ઊઠશેઃ અબ્દુલ કલામે જેની કલ્પના કરી હતી એ ધ્રૂવાસ્ત્ર સૈન્યમાં જોડાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય સેનાની તાકાતમાં ટૂંક સમયમાં જબરદસ્ત વધારો થવા જઈ રહ્યો છે. DRDO દ્વારા વિકસિત અને સંપૂર્ણપણે સ્વદેશી એવી એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ ધ્રુવાસ્ત્ર હવે સેનાના બેડામાં સામેલ થવા માટે તૈયાર છે. આ મિસાઈલ ખાસ કરીને લદ્દાખ જેવા ઊંચાઈવાળા પહાડી વિસ્તારોમાં ચીન અને પાકિસ્તાનના ટેન્કોનો કાળ સાબિત થશે. ધ્રુવાસ્ત્ર એ પ્રખ્યાત નાગ મિસાઈલનું હવાઈ સંસ્કરણ (HELINA) છે. જેને હેલિકોપ્ટર પરથી લોન્ચ કરવામાં આવશે. તેની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે. એકવાર લક્ષ્ય નક્કી થયા પછી આ મિસાઈલ જાતે જ દુશ્મનના ટેન્કનો પીછો કરીને તેને નેસ્તનાબૂદ કરે છે. તે ફાયર એન્ડ ફરગેટ ટેકનોલોજી ધરાવે છે. દુનિયાના આધુનિક ટેન્કોનું ઉપરનું પડ સૌથી નબળું હોય છે. ધ્રુવાસ્ત્ર હવામાં ઊંચાઈ પર જઈને સીધો ઉપરથી હુમલો કરે છે. ૪૩ કિલો વજનની આ મિસાઈલ ૮૦૦ મીમી જાડી સ્ટીલ પ્લેટને પણ આરપાર ચીરી નાખવાની ભારે મારક ક્ષમતા ધરાવે છે. તે ૭ કિલોમીટર દૂર બેઠેલા દુશ્મનને પણ સચોટ રીતે નિશાન બનાવી શકે છે. આ મિસાઈલને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા નિર્મિત રુદ્ર અને પ્રચંડ જેવા એટેક હેલિકોપ્ટર્સ પર તૈનાત કરવામાં આવશે.

સરકાર દ્વારા તાજેતરમાં ૧૫૬ પ્રચંડ હેલિકોપ્ટરનો ઓર્ડર આપવામાં આવ્યો છે. જેમાં ધ્રુવાસ્ત્રની હાજરી ભારતીય વાયુસેના અને થલ સેનાને પહાડી યુદ્ધમાં અજેય બનાવશે. સરકારે ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૨૦૦ થી વધુ ધ્રુવાસ્ત્ર મિસાઈલોની ખરીદીને મંજૂરી આપી દીધી છે. ખાસ વાત એ છે કે, એક મિસાઈલની કિંમત ૧ કરોડથી પણ ઓછી હોવાનો અંદાજ છે.

આ સફળતા બાદ હવે ભારતને રશિયા કે યુરોપ પર નિર્ભર રહેવું નહીં પડે અને વિદેશી મુદ્રાની પણ બચત થશે. ધ્રુવાસ્ત્રની સફળતા બાદ હવે DRDO SANT (Stand-off Anti-Tank) મિસાઈલ પર કામ કરી રહ્યું છે. તેની રેન્જ ધ્રુવાસ્ત્ર કરતા પણ વધુ હશે અને તે રડાર સેન્સરથી સજ્જ હશે, જે ભારતીય સરહદોને વધુ સુરક્ષિત બનાવશે.

# ૮મા પગાર પંચથી પગારમાં થઈ શકે છે ૩૪% નો વધારો!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો અત્યારે ૮મા પગાર પંચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ નવું પગાર પંચ લાગુ થવાથી કર્મચારીઓના પગારમાં ૩૪% સુધીનો મોટો ઉછાળો આવી શકે છે. ખાસ કરીને ફિટમેન્ટ ફેક્ટર, પગાર પંચ ક્યારે લાગુ થશે અને અગાઉના બાકી નીકળતા નાણાં (એરિયર્સ) કેટલા મળશે, તે અંગે લોકોમાં ભારે ચર્ચા છે. ચાલો આ આખા મામલાને એકદમ સરળ ભાષામાં સમજીએ કે આ પગાર પંચનો અમલ થવાથી તમારા ખિસ્સામાં કેટલો આર્થિક ફાયદો થશે.

૮મું પગાર પંચ પોતાના નિર્ણયો અને ભલામણો નક્કી કરતા પહેલા કેટલીક મહત્વની બાબતો પર વિચાર કરશે. જેમાં દેશની હાલની આર્થિક સ્થિતિ, સરકારી યોજનાઓ માટે જરૂરી ફંડ અને પેન્શન પાછળ થતો ખર્ચ મુખ્ય છે. આ ઉપરાંત, આ નવા પગાર વધારાની અસર અલગ-અલગ રાજ્યોની આર્થિક સ્થિતિ પર કેવી પડશે તેનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે. સાથે જ, સરકારી કર્મચારીઓના હાલના પગાર, કામકાજની પરિસ્થિતિઓ અને તેમને મળતી સુવિધાઓની સરખામણી કરીને એક યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

૮મા પગાર પંચમાં તમારો પગાર કેટલો વધશે, તેનો સીધો આધાર ફિટમેન્ટ ફેક્ટર પર રહેલો છે. ચાલો અલગ-અલગ ગણતરી સમજીએઃ

જો ફિટમેન્ટ ફેક્ટર ૨.૫૭ રહેઃ તો મૂળ (બેઝિક) પગારમાં ૩૦ થી ૩૪ ટકાનો વધારો થઈ શકે છે. આ ગણતરી મુજબ પગારની રેન્જ રૂ.૪૬,૨૬૦ થી લઈને રૂ.૬૪૨,૫૦૦ સુધી પહોંચી શકે છે.

જો ફિટમેન્ટ ફેક્ટર ૩.૦ થાયઃ તો સરકાર તરફથી મળતો પગાર રૂ.૫૪,૦૦૦ થી રૂ.૭૫૦,૦૦૦ ની વચ્ચે થઈ શકે છે. જો ફિટમેન્ટ ફેક્ટર ૩.૨૫ થાયઃ તો પગારની રેન્જ રૂ.૫૮,૫૦૦ થી લઈને રૂ.૮૧૨,૫૦૦ સુધી પહોંચી શકે છે.

સ્વાભાવિક છે કે ફિટમેન્ટ ફેક્ટર જેટલું ઊંચું હશે, કર્મચારીઓને એટલો જ વધુ આર્થિક લાભ મળશે.

આ નવું પગાર પંચ ક્યારે લાગુ થશે?

જો આપણે ભૂતકાળના પગાર પંચના રેકોર્ડ જોઈએ તો, નવા પગાર પંચનો અમલ થવામાં થોડો સમય લાગતો હોય છે. ઉદાહરણ તરીકેઃ

૭મા પગાર પંચને લાગુ થવામાં લગભગ ૨.૫ વર્ષ લાગ્યા હતા.

૬મા પગાર પંચને ૨ વર્ષનો સમય લાગ્યો હતો.

૫મા પગાર પંચને ૩.૫ વર્ષનો સમય લાગ્યો હતો.

તેથી, ૮મા પગાર પંચના અમલ માટે પણ પ્રક્રિયાગત રીતે થોડો સમય લાગી શકે છે.

એરિયર્સ (બાકી વેતન) કેટલું મળી શકે?

જો ૮મા પગાર પંચના અમલીકરણમાં મોડું થાય છે, તો કર્મચારીઓને તે સમયગાળાનું એરિયર્સ (બાકી વેતન) ચૂકવવામાં આવશે.

# તેલંગણા સરકારની પહેલ અન્ય સરકારો માટે પ્રેરણાદાયક છે

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત આપણા દેશમાં વૃદ્ધ માતા-પિતાની ઉપેક્ષા એક ગંભીર સામાજિક સમસ્યા તરીકે ઉભરી રહી છે. ગામડાઓમાંથી શહેર તરફ સ્થળાંતર, સંયુક્ત પરિવારોના વિઘટન અને ઝડપથી બદલાતી જીવન શૈલીને કારણે વૃદ્ધોની ઉપેક્ષા ના કિસ્સાઓ વધી રહ્યા છે. ઘણીવાર તેમના જીવનના સંધ્યાકાળ ના વર્ષોમાં માતા-પિતા પાસે એકલતામાં રહેવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી અથવા વૃદ્ધાશ્રમમાં આશ્રય લેવાની ફરજ પડે છે. ત્યારે આના સંદર્ભમાં તેલંગણા વિધાનસભા દ્વારા પસાર કરાયેલ "કર્મચારી જવાબદારી અને માતા-પિતા સહાય દેખરેખ બિલ ૨૦૨૬" ને ઘણી બાબતોમાં એક મહત્વપૂર્ણ કાયદાકીય પગલા તરીકે આવકારવામાં આવી રહ્યું છે.

આ વિધેયક અનુસાર રાજ્યના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ સરકારી અને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે તેમના વૃદ્ધ માતા-પિતાની સંભાળ રાખવી ફરજીયાત છે. આ આદેશનું પાલન ન કરવાથી તેમના પગારમાંથી કાપ મુકવામાં આવશે. ખાસ કરીને ૧૫ % અથવા રૂપિયા ૧૦૦૦૦( બેમાંથી જે ઓછું હોય તે) જે સીધા તેમના માતા-પિતાને ભરણપોષણ ભથ્થા તરીકે મોકલવામાં આવશે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ કર્મચારીઓમાં નૈતિક મૂલ્યો અને પારિવારિક જવાબદારીઓ પ્રત્યે પ્રતિબધ્ધતા ની ભાવના જગાડવાનો છે સાથે સાથે વરિષ્ઠ નાગરિકોની નાણાકીય સુરક્ષા પણ સુનિશ્ચિત કરવાનો છે. આમ પણ વૃદ્ધ માતા-પિતાની સંભાળ રાખવાનો મુદ્દો શેરીઓથી લઈ ને સંસદ સુધી ચર્ચાનો વિષય રહ્યો છે. ત્યારે આમ તો દેશમાં પહેલેથી જ એક રાષ્ટ્રીય કાયદો "માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોનું જાળવણી અને કલ્યાણ અધિનિયમ ૨૦૦૭" અસ્તિત્વમાં છે. પરંતુ વૃદ્ધોની સંભાળ અંગેની તેની અસર મોટાભાગે બિન અસરકારક રહી છે. વારંવાર કાનૂની પ્રક્રિયા એટલી જટિલ અને બોજારૂપ બની જાય છે કે વૃદ્ધ વ્યક્તિઓ નિરાશ થઈ જાય છે અને તેમની ફરિયાદો પાછી ખેંચી લેવાનું નક્કી કરે છે. આ સંદર્ભમાં તેલંગણા વિધાનસભા દ્વારા પસાર કરાયેલું બિલ વધુ અસરકારક રહેશે એમાં બે મત નથી હવે જોવાનું એ છે કે તેલંગણા ના પગલે દેશના અન્ય કયા રાજ્યો વૃદ્ધોની સહાયે આવી આવા બિલ પસાર કરે છે.

### વાલ્મિકી સમાજની સુરત ખાતે મીટીંગ મળી

# ભાજપના ડરને કારણે ખુલીને બહાર આવવામાં સંકોચ

## ભાજપ દ્વારા વાલ્મિકી સમાજ ની ઉપેક્ષા અંગે ભાજપ સાથે છેડો વક્તાઓએ મંતવ્ય રજૂ કર્યા

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં વર્ષોથી ભાજપ ના ખેસ પહેરી ફરતા ભાજપ સાથે સંકળાયેલા વાલ્મિકી સમાજ ના કાર્યકરોમાં નારાજગી છવાયેલ છે. તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ દિલ્હીગેટ ખાતે મળેલ મિટિંગમાં વાલ્મિકી સમાજ ના મોટા ભાગના કાર્યકરો જેઓ ભાજપ ના ખેસ ધારીઓ છે તેઓના મોઢા ના રંગ ઊડી ગયા છે. પોતાની ટિકિટ નક્કી છે તેવી વાતો કરતા કાર્યકરો ના મોઢા પડી ગયા છે અને તેઓમાં પક્ષ પ્રત્યે ચોખ્ખો અણગમો સ્પષ્ટ દેખાય રહ્યો છે. વાલ્મિકી સમાજ ના શિક્ષિત અને વર્ષોથી ભાજપ માટે રાત દિવસ એક કરનારા ભાજપ ના કાર્યકરો ની અવગણનાથી સમગ્ર સમાજ સ્તબ્ધ થઈ ગયો છે. હાલ તો પાર્ટી રજૂઆત કરી આગળ ની રણનીતિ વિચારશે હાલ મતદાન નો બહિષ્કાર કરવો કે કેમ તેની વિચારણા ચાલી રહી છે. કેટલાક કાર્યકરો તો વીસ વર્ષ કરતાં વધુ સમય થી ભાજપ સાથે હોવા છતાં તેઓને પડતા મૂકતાં તેઓ ઘરમાંથી બહાર નીકળવામાં સંકોચ અનુભવી રહ્યા છે.

વાલ્મિકી સમાજ નો એક જ સવાલ છે કે ૧૨૦ સીટો માંથી એક પણ વાલ્મિકી નહીં. ભાજપે વાલ્મિકી સમાજ ના ભાજપ સાથે સંકળાયેલા કાર્યકરોનું નહીં પણ સમગ્ર વાલ્મિકી સમાજ ની અવગણના કરી છે. "સહુ નો સાથ સહુ નો વિકાસ" ની વાત કરનાર ભાજપે એક પણ વાલ્મિકી ઉમેદવાર ને સમાવી શકી નથી. વાલ્મિકી સમાજ આગામી દિવસો માં આગળ ની રણનીતિ નક્કી કરશે એમ કેટલાક વાલ્મિકી સમાજ ના ભાજપ સાથે સંકળાયેલા કાર્યકરો એ જણાવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખના ઈડર માં ભાજપના પૂર્વ પ્રમુખને ટીકીટ ન મળતા કર્યો બળવો: અપક્ષ તરીકે બે વોર્ડમાં ઉમેદવારી નોંધાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના ભાજપ પ્રમુખના ઈડર શહેરમાં ભાજપના પૂર્વ પ્રમુખને ટીકીટ ન મળતા પૂર્વ પ્રમુખે બળવો કરી અપક્ષમાં બે વોર્ડમાં ઉમેદવારી નોંધાવતા ભાજપના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ના ગઈ કાલે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ૪ વાગ્યા સુધી ફોર્મ ભરવા માટે સરકારી કચેરીએ લોકોએ ધામા નાખ્યા હતા. જયાં ઉમેદવારી કરવા લોઢાના ચણા ચાવવા જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ગઈ કાલે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે તમામ પક્ષોએ પોત પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જિલ્લા પંચાયત માટે કુલ ૨૨ અને તાલુકા પંચાયતમાં ૪૬ અને મામલતદાર ઓફિસ ખાતે ૫૯ ફોર્મ થઈ કુલ ૧૦૨ અને ઈડર નગરપાલિકામાં કુલ ૯૭ ફોર્મ અને ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. તો બીજી તરફ ભાજપના પૂર્વ પ્રમુખને ટીકીટ ન મળતા તેઓએ બળવો કરી નારાજ થઈ અપક્ષ તરીકે બે વોર્ડમાં ઉમેદવારી નોંધાવી હતી. જયસિંહ આર તંવરે બળવો કરી અપક્ષ ઉમેદવાર તરીકે પોતાની બે વોર્ડમાં અલગ અલગ ઉમેદવારી નોંધાવતા ભાજપમાં રાજકારણ ગરમાયુ હતું. જેમાં ઈડર તાલુકાના રાજકારણમાં રસાકસી ભર્યો માહોલ જોવા મળ્યો હતો.

પક્ષ પલટો અને ટીકીટ માટે નારાજગી, રીસામણા અને મનામણા પોતાના માનીતાને ટીકીટ આપવા માટે ધમપછાડા કરતા જોવા મળ્યા હતા. જેના કારણે હાઈકમાન્ડ પણ અવઢવમાં મુકાયા હતા, તો બીજી તરફ જિલ્લા ભાજપ પ્રમુખ મીડીયાને જવાબ ન આપવો પડે તેને લઈ દિવસ દરમિયાન સતત ફોન બંધ જોવા મળ્યો હતો.

# દાહોદમાં એક જ ઉમેદવારને ત્રણેય પાર્ટીઓએ ટીકીટ આપી: અરવલ્લી જિલ્લાના ધનસુરામાં બે પક્ષના ઉમેદવારને મેન્ડેટ મળ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

દાહોદ જિલ્લા પંચાયતની પીપેરો બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ ૩ પાર્ટીના એક જ ઉમેદવારે ફોર્મ ભર્યુ હોવાની વિચિત્ર ઘટના બહાર આવી છે.

એ જ રીતે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા પંચાયતની બેઠકમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ફોર્મ એક જ ઉમેદવારે ભર્યા હોવાનુ બહાર આવ્યુ છે. આ તરફ સુત્રો દાવો કરે છે કે નિયમ મુજબ સૌથી પહેલા જે પાર્ટીમાં ફોર્મ ભર્યુ હશે તે ઉમેદવારી ફોર્મ માન્ય રહેશે. દાહોદના ઉમેદવાર અત્યારે ગાયબ હોવાનુ કહેવાઈ રહ્યુ છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતેથી મળેલી માહિતી પ્રમાણે ધનસુરા તાલુકા પંચાયતની રમોસ બેઠક પર ભીખુસિંહ અર્જુનસિંહ ચૌહાણે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બંને પક્ષમાંથી મેન્ડેટ લઈ આવ્યા હતા. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા વખતે ચૂંટણી અધિકારીને આ ઉમેદવારે બંને પક્ષના ઉમેદવારી ફોર્મ આપ્યા હતા. ધનસુરા પહેલેથી જ પેપરલીક મામલે, છેતરપીંડી, ડેરીમાં નોકરી સામે જમીન જેવા મુદ્દે ખુબ જ ચર્ચામાં રહ્યુ છે.



આવો જ એક અન્ય કિસ્સો દાહોદ માં બનવા પામ્યો છે. જેમાં દાહોદ જિલ્લા પંચાયતની પીપેરો બેઠક પર ભારતસિંહ વાખળાએ તો ૩-૩ પક્ષમાંથી ફોર્મ ભર્યા છે અને ચૂંટણી અધિકારીએ તેને સ્વીકાર્યા છે. નવાઈની વાત તો એ છે કે એક જ ઉમેદવાર ને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ટીકીટ આપી છે. આ ઉમેદવાર અન્ય પાર્ટીઓ પાસેથી પણ મેન્ડેટ લઈ આવ્યા છે. તો સવાલ એ ઉભો થાય છે કે આ પક્ષો ખરેખર અંધારામાં રહ્યા છે. ભાજપ, કોંગ્રેસ કે અન્ય પક્ષના આગેવાનોને તેની ગંધ પણ ન આવી તેને લઈને સવાલો ઉઠી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે પીપેરો બેઠક પૂર્વ મંત્રી બચુ ખાબડનો ગઢ મનાય છે. હવે આગામી દિવસોમાં નિયમ પ્રમાણે જે ફોર્મ પહેલુ ભરાયુ હશે તે માન્ય રાખવામાં આવશે.

# ભાજપનો કાર્યકર લોકોની વચ્ચે રહીને સેવા કરે છે: વિપક્ષ માત્ર ચુંટણી સમયે જ દેખાય છે: પ્રદેશ પ્રમુખ વિશ્વકર્મા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીના ઉમેદવારો સાથે જનસેવા સંકલ્પ નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ૭૨ ઉમેદવારોને શપથ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં સાંસદો અને ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા. પ્રદેશ પ્રમુખે રાજકોટમાં નારાજ કાર્યકરો અને હોદેદારો સાથે પણ બેઠક કરી હતી. ભાજપનો કાર્યકર બુથ માં લડતો કાર્યકર છે.



આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યુ હતુ કે વિકાસ ગામડાઓ સુધી પહોંચે તે દિશામાં કામ કરવામાં આવશે અને અત્યાર સુધી થયુ પણ છે, ભાજપના કાર્યકરો સતત બધાની વચ્ચે રહી હિસાબ આપતા હોય છે. ભાજપનો કાર્યકર બુથ માં લડતો કાર્યકર છે.


ભાજપનો કાર્યકર પ્રજાની વચ્ચે રહી સેવા કરે છે, રાજયમાં ૧૩૫ કરતા વધુ સીટો પર ભાજપના ઉમેદવાર બિનહરીફ થયા છે. વિપક્ષ માત્ર ચુંટણી સમયે જ દેખાય છે, ગુજરાતની જનતા વિકાસની સાથે છે, ભાજપમાં ૧૦ હજાર કરતા વધુ કાર્યકરો ચુંટણીઓ લડે છે.

# લોકશાહીમાં નવુ જોખમ: બિનહરીફ ચુંટણી એટલે મતદારોની બાદબાકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી બિનહરીફ વિજેતા થવાનો ટ્રેન્ડ તેજીથી વધી રહ્યો છે. જે લોકશાહીની મુળ ભાવના સામે સવાલ ઉભા કરે છે. જયારે કોઈ ઉમેદવાર બિનહરીફ જાહેર થાય છે ત્યારે તે વિસ્તારના મતદારોને મતદાન કરવાનો અને પોતાની પસંદગી કે નારાજગી વ્યકત કરવાનો અધિકાર છીનવાઈ જાય છે.

રાજકીય પક્ષો હવે જનતા વચ્ચે જઈને હાથ જોડવાને બદલે અંદરો અંદર સેટીંગ કરીને અથવા વિરોધ પક્ષના ફોર્મ રદ કરાવીને વગર મહેનતે સત્તા મેળવવાનુ આ હથિયાર અજમાવી રહ્યા છે. આ પધ્ધતિથી ઉમેદવાર તો જીતી જાય છે પરંતુ પ્રજાના પ્રશ્નો અને



તેમનો અવાજ દબાઈ જાય છે, વર્ષ ૨૦૨૧ માં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીના આંકડા જોઈએ તો ચોંકી જવાય તેમ છે. તે સમયે કુલ ૮,૨૩૫ બેઠકોમાંથી ૨૩૭ ઉમેદવારો મતદાન વિના જ વિજેતા બન્યા હતા. જેમાં સૌથી વધુ ૨૦૦ જેટલા ઉમેદવારો એકલા ભાજપના હતા, વધુ વરસે ૨૦૨૬ ની ચુંટણીમાં પણ આ સીલસીલો યથાવત રહ્યો છે.



અત્યાર સુધીમાં અંદાજે ૬૭ જેટલી બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થઈ ચુકયા છે. નવસારી જિલ્લા પંચાયતની દેવસર, બિગરી અને ઘેજ જેવી બેઠકો તેમજ ગણદેવી તાલુકા પંચાયતની અનેક બેઠકો પર ચુંટણી યોજાયા વગર જ સત્તાના સમીકરણો નક્કી થઈ ગયા છે.

બિનહરીફ થવા પાછળ માત્ર લોકપ્રિયતા જ કારણભુત નથી હોતી, પરંતુ ઘણીવાર તેની પાછળ મોટા રાજકીય ખેલ ખેલાતા હોય છે, ફોર્મ ભરવાના છેલ્લા દિવસે અનેક ઉમેદવારો રહસ્યમય રીતે ગાયબ થઈ જાય છે અથવા છેલ્લી ઘડીએ ફોર્મ ભરવાનો ઈન્કાર કરી દે છે.

અમદાવાદના વાસણા વિસ્તારમાં કોંગ્રેસના ઓબીસી ઉમેદવારે પક્ષનો મેન્ડેટ હોવા છતાં છેલ્લી ઘડી સુધી ફોર્મ ભર્યુ નહી અને ફોન ઉપાડવાનુ પણ બંધ કરી દીધુ હતું. આવા કિસ્સાઓમાં વિરોધ પક્ષના ઉમેદવારોને લાલચ આપીને કે ડરાવીને બેઠક ખાલી કરાવવાની વ્યુહરચના મતદારો સાથે છેતરપીંડી સમાન છે. જયારે ચુંટણી જ ન થાય ત્યારે જે તે વિસ્તારના પ્રતિનિધિ પ્રજા પ્રત્યે જવાબદાર રહેતા નથી. કારણ કે તેમને ખબર છે કે તેમને જીતવા માટે જનતાના મતોની જરૂર પડી નથી. આનાથી નેતાઓમાં ઉધ્ધતા વધે છે અને લોકશાહીના પાયા નબળા પડે છે. જો રાજકીય પક્ષો આ જ રીતે બિનહરીફ જીતવાનો આગ્રહ રાખશે તો ભવિષ્યમાં મતદાન જેવી પવિત્ર પ્રક્રિયા માત્ર ઔપચારીકતા બની રહી જશે. મતદારોએ પણ હવે જાગૃત થવાની જરૂર છે કે તેમનો મતાધિકાર એ જ તેમનો સાચો પાવર છે અને તેને છીનવી લેનારા સેટીંગબાજ નેતાઓ સામે અવાજ ઉઠાવવો અનિવાર્ય છે.

# ભાજપે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માં પ્રચાર માટે મંત્રીઓ-સીનીયર મંત્રીઓ અને નેતાઓને જવાબદારી સોંપી

## ૧૫ કોર્પોરેશનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલથી લગાડી ભાજપના નેતાઓ અલગ અલગ કોર્પોરેશન વિસ્તારોમાં પ્રચાર નો ધમધમાટ શરૂ કરશે


પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૧૫ મહાનગરપાલિકાઓ અને ૩૦૩ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચુંટણીઓ માટે નામાંકન પ્રક્રિયા પુર્ણ થયા બાદ ભાજપ આજે રવિવાર થી પ્રચારના શ્રીગણેશ શરૂ કર્યા છે. ભાજપનુ કેન્દ્રીય નેતૃત્વ તમીલનાડુ અને પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચુંટણીઓમાં વ્યસ્ત હોવાને કારણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદમાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરામાં આજથી પ્રચારના શ્રીગણેશ શરૂ કર્યા છે.

વડોદરામાં હર્ષ સંઘવીની સાથે પ્રદેશ સંગઠન મંત્રી રત્નાકર પણ સાથે હાજર રહ્યા હતા. હર્ષ સંઘવી વડોદરા શહેરમાં પ્રચારનો પ્રારંભ કરવાની સાથે કેટલાક વોર્ડમાં પણ જવાના છે. ત્યારબાદ ભરૂચ માટે રવાના થશે. ભાજપે વ્યુહ રચના હેઠળ પહેલા દિવસે તમામ ૧૫ મહાનગરપાલિકા વિસ્તારોમાં નેતાઓને પ્રચાર માટે ઉતાર્યા છે. ભાજપ પોતાના આ પ્રયોગને કાર્પેટ બોમ્બિંગ કહેતુ આવ્યુ છે. ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીના પ્રચારના પ્રારંભમાં પણ ભાજપે આવુ જ કર્યુ હતું. ભાજપે શહેરો અને લોકલ બોર્ડીમાં પોતાની પકકડ મજબુત રાખવા માટે જોરદાર તૈયારીઓ શરૂ કરી છે. ભાજપમાં રાષ્ટ્રીય સ્તરે ૪૫ વરસના નિતીન નવીન અધ્યક્ષ બન્યા બાદ ગુજરાતમાં આ વખતે ઘણા પ્રયોગો કરવામાં આવ્યા છે.

પાર્ટીએ સંગઠનમાં નવા ચહેરાઓને સ્થાન આપ્યુ છે તો બીજી તરફ મોટી સંખ્યામાં વર્તમાન કાઉન્સિલરોની ટીકીટ પણ કાપી નાખી છે. એન્ટી-ઈન્કમબન્સી ઘટાડવા માટે આ ભાજપનો અજમાવેલો સફળ ફોર્મ્યુલા છે. વડોદરામાં ભાજપે એક ઝાટકે જનતાથી દુર રહેનારા અને નિષ્ક્રિય છબી ધરાવતા કાઉન્સિલરોને હટાવીને નવા ચહેરાઓને ઉતાર્યા છે. ભાજપે જેમની ટીકીટ કાપી છે તેમાં મેયર પિન્કીબેન સોની, ડે.મેયર ચિરાગ બારોટ અને સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ડો. શીતલ મિસ્રીને બાદબાકી કરાઈ છે. ભાજપે ૧૫ મહાનગરપાલિકાઓની ચુંટણીઓ જીતવા અલગ અલગ નેતાઓને જવાબદારી સોંપી છે. જેમાં (૧) કર્ણાવતી અમદાવાદ- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ (૨) રાજકોટ- પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા (૩) વડોદરા- નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને સંગઠન મંત્રી રત્નાકર(૪) સુરત- કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ (૫) જામનગર- સાંસદ પુરષોત્તમ રૂપાલા (૬) ભાવનગર- પૂર્વ પ્રદેશ પ્રમુખ આર સી ફળદુ (૭) વાપી- પુર્વ વન મંત્રી ગણપત વસાવા (૮) નવસારી- નાણાં મંત્રી કનુ દેસાઈ (૯) મહેસાણા- પુર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા (૧૦) ગાંધીધામ- પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવે (૧૧) આણંદ- ગોરધનભાઈ ઝડફીયા (૧૨) નડીયાદ- પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ (૧૩) પોરબંદર- રમેશભાઈ ધડુક (૧૪) મોરબી- પૂર્વ આરોગ્યમંત્રી આઈ કે જાડેજા (૧૫) સુરેન્દ્રનગર- કૃષિ મંત્રી જીતુ વાઘાણી.

ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિત ૧૫ મહાનગરપાલિકાઓ અને જિલ્લા તેમજ તાલુકા પંચાયતની ચુંટણીઓ માટે ૨૬ એપ્રિલે મતદાન થવાનુ છે. ચુંટણીપંચે રવિવારનો દિવસ વોટીંગ માટે પસંદ કર્યો છે. આજ દિવસે ઉમરેઠ વિધાનસભા પેટા ચુંટણી માટે પણ વોટીંગ થશે. તમામ સ્થાનિક સંસ્થાઓના પરીણામ ૨૮ એપ્રિલે જાહેર કરવામાં આવશે. એવામાં ગુજરાતમાં સત્તાના સેમીફાઈનલમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના પ્રદર્શનની ખબર ૫ રાજયોના ચુંટણી પરીણામ પહેલા પડી જશે. ગુજરાતમાં ભાજપ સામે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી અલગ અલગ લડી રહ્યા છે.

# અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં અપક્ષ ઉમેદવારોનો રાફડો ફાટયો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થતાની સાથે જ શહેરમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. આ વખતે ચુંટણીમાં મતોનુ ધ્રુવીકરણ કરવા માટે અવનવા પ્રયોગો થઈ રહ્યા હોય તેવુ જણાય છે. આશ્ચર્યની વાત એ છે કે અનેક વિસ્તારોમાં જમીન માફીયાઓ, બુટલેગરો અને વિવાદીત બિલ્ડરોએ પણ અપક્ષ ઉમેદવાર તરીકે ચુંટણીના જંગમાં ઉતરવુ પડયુ છે.

ચર્ચા એવી પણ છે કે કેટલાક કિસ્સાઓમાં ખાખીના ઈશારે અથવા રાજકીય દબાણ હેઠળ આ લોકોને અપક્ષ તરીકે ઉભા રાખવામાં આવ્યા છે. જેથી મુખ્ય પક્ષોના મતોમાં ગાબડુ પાડી શકાય,

શહેરના કોટ વિસ્તાર અને લઘુમતી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં આ વખતે રાજકીય ચિત્ર બદલાયેલુ જોવા મળે છે. અગાઉ સક્રિય રહેલી




ઔવેસીની પાર્ટી (એઆઈએમઆઈએમ) નો પ્રભાવ ઘટતો દેખાઈ રહ્યો છે. કારણ કે તેના બે વર્તમાન કોર્પોરેટરોએ તાજેતરમાં જ રાજીનામા આપી દીધા હતા. તો બીજી તરફ ભાજપે આ વિસ્તારોમાં આમ આદમી પાર્ટી પર ભરોસો મુકયો હોય તેવી ચર્ચાઓએ જોર પકડયુ છે. અન્ય વિસ્તારોમાં ઉમેદવારોના ફાંફાં હોવા છતાં લઘુમતી વિસ્તારોમાં આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારો ઉતારવામાં આવ્યા છે. જેને રાજકીય વિશ્લેષકો મતોના વિભાજનની રણનીતી તરીકે જોઈ રહ્યા છે. ઉમેદવારોની પસંદગીને લઈને ભાજપમાં પણ આંતરીક અસંતોષ જોવા મળી રહ્યો છે. ચાંદખેડા વોર્ડ માં ટીકીટની ફાળવણીને લઈને કાર્યકરોએ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરની ઓફિસે પહોંચીને ભારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

પુર્વ મહામંત્રીએ ટીકીટ ન મળતાં રોષે ભરાયેલા કાર્યકરોએ ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા. જેના કારણે ધારાસભ્યએ ઓફિસથી અંતર રાખવુ પડયુ હતું. આ ઉપરાંત પૂર્વ ધારાસભ્ય ભુષણ ભટ્ટે પણ પોતાના પુત્ર અને ભાણીને ટીકીટ અપાવવા માટે એડી ચોટીનુ જોર લગાડયુ હતું. પરંતુ પક્ષના પ્રદેશ નેતૃત્વએ તેમની માંગણી સ્વીકારી ન હતી. હાલમાં જનતામાં મોંઘવારી અને સ્થાનિક પ્રશ્નોને લઈને વહિવટી તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે. આ એન્ટી ઈન્કમબન્સી ના માહોલને ખાળવા માટે ફરી એકવાર હિન્દુ- મુસ્લીમ અને પાકિસ્તાન જેવા વિવાદાસ્પદ મુદ્દાઓને ઉજાગર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. લઘુમતિ બિલ્ડરોને બુલડોઝરની ધમકી આપીને ચુંટણી કામે લગાડવામાં આવ્યા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં આ વખતે માત્ર વિકાસના મુદ્દાઓ જ નહી પણ અપરાધીક પુષ્ઠ ભુમિ ધરાવતા લોકોની એન્ટ્રી અને જ્ઞાતિગત સમીકરણો જીત હારમાં મહત્વનો ભાગ ભજવશે તેવુ સ્પષ્ટ ચિત્ર દેખાઈ રહ્યુ છે.

# ટીકીટો ફાળવી કે વેચી? કોંગ્રેસમાં સનિષ્ઠ કાર્યકરોની કરાઈ અવગણના માનીતાઓને કોર્પોરેટર બનવાની તક

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ફરી એકવાર કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીને લઈને પ્રદેશ નેતાઓ સામે આંગળી ચિંધાઈ રહી છે. ટીકીટો ફાળવવામાં આવી છે કે વેચવામાં આવી છે ? તેવો સવાલ ઉઠી રહ્યો છે. કારણ કે પાયાના સનિષ્ઠ કાર્યકરોની અવગણના કરાઈ છે. જયારે મામકાઓને કોર્પોરેટર બનવાની તક અપાઈ છે.

છેલ્લા ૩૦ વરસથી ગુજરાતમાં કોંગ્રેસ સત્તા થી દુર રહી છે, તેમ છતાંય પ્રદેશ નેતાઓ શીખ લેવા તૈયાર નથી, સામાન્ય કાર્યકરો પક્ષની વિચારધારા સાથે જોડાઈને સરકાર સામે બાથ ભીડી રહ્યા છે. જયારે પ્રદેશ કોંગ્રેસના નેતાઓ સરકાર સાથે રાજકીય ફીકસીંગ કરી રહ્યા છે તેવા આક્ષેપો થઈ રહ્યા છે. નારાજ કાર્યકરોનુ કહેવુ છે કે ધારાસભ્યના ડ્રાઈવરોને પણ ટીકીટ આપી દેવાઈ છે, જયારે પક્ષ માટે લોહી રેડનારા



વફાદાર કાર્યકરોને મહત્વ અપાયુ નથી, અમદાવાદ શહેરમાં એટલી હદે આંતરીક વિખવાદ જામ્યો છે કે ૧૦ થી વધુ વોર્ડ ના ઉમેદવાર જ જાહેર કરાયા ન હતા, ફોન થી ઉમેદવારોને જાણ કરવી પડી હતી, પ્રદેશ નેતાઓએ પોતાનુ ધાર્યુ જ કર્યુ હતુ, આ વખતે પણ કોંગ્રેસ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપ સામે ફાવે તેમ લાગતુ નથી,